R.N.I. No. 14593/1957

પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

VOL.64 ISSUE NO. 7 - OCTOBER 2021 - 52 PAGES - RS. 15/-

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com

WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA Dilip Haria	CA, CFP Rajesh Gada	CA Vipul Bheda	Vikas Vira
Village: Bada	Village: Bada	Village: Samaghoga	Village:Nagalpur
98202 96135	98676 23250	98202 22750	98205 20268
dhharia@gmail.com	rajesh@gadaharia.com	vipul@gadaharia.com	vikas@gadaharia.com

પગદંડી

ઑક્ટોબર ૨૦૨૧

અનુક્રમણિકા

લેખ	લેખક	પાના નં
તંત્રી સ્થાનેથી		
હરીફાઈ	....	૫
પ્રમુખશ્રીની કલમે	ડો. મંજુલા વી. શાહ.....................	૯
પ્રતિભાવ - પ્રતિસાદ		
તંત્રી લેખ - પુનઃ સ્થાપન	તલક શાહ(ગાલા)	૧૧
પ્રતિસાદ	ચંદ્રકાન્ત નંદુ	૧૨
પગ મેં ભમરી	લીલાધર માણેક ગડા	૧૪
જ્યારે આફત આશીર્વાદ બને છે		
વર્ષાનો વૈભવ...	ડૉ. ગિરીશ વીછીવોરા..................	૧૯
દોરો પરોવેલી સોય.......................................	ગુલાબ દેઢિયા............................	૨૧
દાન	CA સંજય વિસનજી છેડા..............	૨૪
સિટી ઓફ જોય કલકત્તા.............................	જ્યોતિ મોતા	૨૯
સાહિત્ય અમૃત	આલેખન : ચંદ્રકાન્ત નંદુ	૩૨
મૃત્યુ પછી પ્રાર્થનાસભામાં જવું ?.....................	હેમા વીરા	૩૬
માનસિક સ્ટ્રેસ અને માઈગ્રેન	ડૉ. મણિલાલ ગડા.......................	૩૮
	ડૉ. દીપ્તિ શાહ (ગડા).................	
સમજણ વગરનો ધર્મ માણસને પશુ બનાવે છે.....	દામજી માણેક ગડા...................	૪૧
વાત છે મારી-તારી-આપણી............................	વિસનજી જાદવજી ધરોડ ''અ-બધ્ધ''	૪૩
ઉર્મિલલહર..	સંપાદન : વિશન નાગડા..............	૪૫
સાંત્વન..	....	૪૮

પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.

આજકાલનો નવો ટ્રેન્ડ

ડેસ્ટીનેશન વેડિંગ

આપના પ્રસંગોને બનાવો યાદગાર.

૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે

૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.

color-spot.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

તંત્રીસ્થાનેથી

હરીફાઈ

થોડા દિવસો પહેલાં ભારતના ચીફ જસ્ટિસ શ્રી રામના એ વિવેકાનંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ હ્યુમન રાઈટ્સના એક કાર્યક્રમમાં પોતાનું વક્તવ્ય આપતાં જણાવેલ કે, સ્વામીજીના સ્વપ્ન મુજબ ભારતમાં ધાર્મિક વહેમ અને ધર્માંધતાનું અક્કડપણું દૂર કરી ધર્મને સર્વે માટે કલ્યાણકારી અને સહિષ્ણુતા શિખવનારો બનાવવો જોઈએ.

દેશ અને સમાજને સાંપ્રદાયિક ધર્મથી ધાર્મિક ક્રિયાઓ જે વહેમથી ભરેલી છે તેમાં સુધાર લાવી નિર્મળ બનાવવી જોઈએ. ધર્મના નામે જે સામાજિક અને રાજકીય ધતિંગ થાય છે. તે સમાજના અંધશ્રદ્ધાળુ લોકોને બહુ જ નુકસાન પહોંચાડે છે. યુવાનોને આવી અંધશ્રદ્ધાથી બચવું જોઈએ અને ચમત્કારમાં માનનારા લોકોને એનાથી બચાવવા જોઈએ. યુવા વર્ગને જે રીતે વાળવામાં આવે એ રીતે વળી શકે છે. તેમને યોગ્ય અને સાચા શિક્ષણથી ઉચ્ચ આદર્શ પર પહોંચાડી શકાય છે. યુવાનો તેમના પોતાના આદર્શ નક્કી કરે અને પોતાના વિચારો અને અભ્યાસથી એ આદર્શને જીવનમાં અપનાવે ત્યારે તેઓ એમાં મક્કમતા લાવે છે. યોગ્ય માર્ગદર્શનથી યોગ્ય આદર્શ અપનાવી લે છે. યુવાનો નિસ્વાર્થ હોય છે. હિંમતવાળા પણ હોય છે અને એથી તેઓ પોતાના આદર્શ માટે ભોગ આપવા તૈયાર હોય છે. આઝાદી માટે લડનાર યુવાનોના જીવન પરથી એટલું જરૂર કહેવાય કે યુવાનીમાં લોકો હૃદયથી નિર્મળ અને સત્યના ચાહક, દેશપ્રેમી હોય છે.

યુવા વર્ગને હરીફાઈની દુનિયામાં સંડોવીને તેમને સ્વાર્થી અને નબળા (હિંમત વગરના) બનાવીએ છીએ. હરીફાઈનો એક યુગ શરૂ થઈ ગયો છે. વસ્તીવધારો તેમાં એક કારણભૂત છે. આજનાં બાળકોને હરીફાઈમાં રચ્યાં પચ્યાં રાખવા માટે તેમના વડીલો જવાબદાર છે. સત્ય એ છે કે હરીફાઈથી બાળકો અને યુવાનો જીવનનો આનંદ ગુમાવી બેસે છે. હરીફાઈનું કાર્ય પોતામાં રહેલ સામર્થ્ય ખીલવવાનું છે. માટે જ કહ્યું છે કે હરીફાઈ કરવી હોય તો પોતાની જાત સાથે કરો. પોતાનાં દરેક કાર્યમાં જેવા છીએ એનાથી વધારે, ઉત્તમ પ્રદર્શન કરીએ. આવી

હરીફાઈ ઉપયોગી અને આવકાર્ય છે. હરીફાઈનાં સકારાત્મક પરિણામ હોય છે, પણ એ નિર્મળ અને નિસ્વાર્થ હોય ત્યારે. હરીફાઈનો વ્યાપ વધતો રહ્યો છે. યુવાનો અને બાળકોને ફક્ત અભ્યાસમાં નહીં, પણ રમતગમત-સાંસ્કૃતિક પ્રસંગો, ધાર્મિક ક્રિયાઓ, ધંધાકીય બાબતો અને બાકી હતું તે સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં હરીફાઈમાં જોડવામાં આવે છે અને એકબીજા પ્રત્યે મિત્રતાને બદલે ઈર્ષ્યા, અદેખાઈ અને દ્વેષભાવ ઉત્પન્ન કરે છે.

એક દૃષ્ટાંત લઈએ ભાગીદારો જ્યારે છૂટા પડે છે, ત્યારે એ ધંધો ચાલુ રાખનાર ભાગીદાર એક શરત મૂકે છે કે અન્ય ભાગીદારોએ એ જ વસ્તુમાં અમુક વર્ષ સુધી ધંધો ન કરવો, કારણ એમાં હરીફાઈ થવાની શક્યતા છે, જેથી બધાને નુકસાન થાય. તેમ છતાં જો અન્ય ભાગીદાર શરત તોડે છે અથવા સમયમર્યાદા પૂરી થતાં એ વસ્તુનો ધંધો એ જ એરિયામાં કરે છે, ત્યારે બધાને નુકસાન થાય છે જેનું કારણ હરીફાઈ છે. જામેલા ધંધાની વાટ લાગે છે. જામેલી શાખ પર પાણી ફરી વળે છે અને કોર્ટ-કચેરીના ધક્કા શરૂ થાય છે.

સમાજમાં સામાજિક પ્રસંગોએ પણ વિધિઓ, શણગાર, અને મહેમાનગતિમાં હરીફાઈએ પ્રવેશ કર્યો છે. દેખાદેખી એમાં મુખ્ય કારણ છે. કહ્યું છે કે, દેખાદેખીના આ દૌરમાં બીજાને દેખાડી દેવાના ચક્કરમાં માણસ ક્યારેક ખુદ દેખતો બંધ થઈ જાય છે. ખોટા ખર્ચાઓનું દૂષણ સામાજિક રિવાજોમાં પ્રવેશ્યું છે. જેને કારણે મધ્યમ વર્ગ ખૂબ જ પીડાય છે.

તત્ત્વચિંતક શ્રી હરિભાઈ કોઠારી હંમેશાં કહેતા કે, જ્યારે બાળકોને ધૂળમાં રમવાના દિવસો હોય છે ત્યારે તેમના માવિત્ર પ્લે ગ્રુપ અને કે.જી.ના ભાર નીચે બધું ભુલાવી દે છે, એટલું જ નહીં, ત્યારથી જ હરીફાઈ ચાલુ થાય છે. જેથી બાળકની માનસિક નિર્મળતા પર ઠેસ પહોંચે છે અને તેમના સ્વાસ્થ્યને નબળું પાડે છે. આપણા દેશમાં રિઝર્વેશન સિસ્ટમ પણ હરિફાઈ કરાવવામાં મુખ્ય ભાગ ભજવે છે.

આપણે બધા ન્યૂઝમાં વાંચીએ છીએ કે પૈસાવાળાની દુનિયામાં નબંરની હોડ લાગી છે. અપરંપાર નાણું હોવા છતાં સંતોષ નથી. હરીફાઈ જ એનું કારણ એટલી હદ સુધી કે કંઈ પણ ખોટું કરતાં તેમને ડર નથી લાગતો. ધર્માદામાં ખર્ચનાર આવા પૈસાપાત્ર પણ હરીફાઈથી પર નથી રહી શકતા અને માનસિક શાંતિ હણાય છે. હરીફાઈ બાકી હતી તે હવે સમાજની સામાજિક સંસ્થાઓમાં પણ સામેલ થઈ છે. જો કે આવી હરીફાઈનો લાભકર્તાઓને ચોક્કસ લાભ મળે છે, પરંતુ સંસ્થાઓના કાર્યો, કાર્યકરો અને ફંડ વગેરે માટે એ ઘાતક બની છે. મુખ્ય તો કાર્યકરોના માનસમાં એક બીજા પ્રત્યે ઈર્ષા, અદેખાઈ અને વિરોધની ભાવના જન્મે છે. ચૂંટણી અને અન્ય કાર્યોમાં કાદવ ઉછાળવામાં

આવે છે. સંસ્થાઓને એથી નુકસાન થાય છે. કાર્યકરો બદલાતા હોય છે, પણ સંસ્થા સારા કાર્યકરોથી વંચિત રહે છે.

આપણી કમનસીબી એ છે કે કોરોના જેવી મહામારીથી જ્યારે દેશ પીડાતો હતો ત્યારે હૉસ્પિટલો, ડૉક્ટરો અને મેડિકલ સ્ટોર્સ વગેરેમાં જાણે પૈસા કમાવવાની હોડ લાગી હતી અને કોણે આ હરીફાઈમાં વધુ ધંધો કર્યો એની ગણતરીઓ કરવામાં આવતી. દયાહીન થયેલ મોટા ભાગના આવા ધંધાની હરીફાઈઓથી મધ્યમ અને ગરીબ વર્ગને ખૂબ જ નુકસાન પહોંચ્યું છે.

આજથી ૭૫ વર્ષ પૂર્વે સેવા સમાજના સ્થાપક અને આપણાં પૂર્વજોએ દૂરંદેશીથી સમાજની જેણે સ્થાપના કરી. ક.વી.ઓ. સમાજને રૂઢીવાદમાંથી બહાર કાઢવા પ્રયત્નો કર્યા અને આજે આપણો સમાજ સુધારક સમાજમાં અગ્રક્રમે છે. સેવા સમાજની વિવિધ પ્રવૃતિઓ ગામની અને પરાંની સંસ્થાઓ ઉપરાંત બહારગામની સંસ્થાઓએ પણ અપનાવીને સમાજને ઘણો જ ફાયદો કરાવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે જે પરિવર્તન આવેલ છે તેમાં મોટો હિસ્સો સેવા સમાજનો છે. સેવા સમાજમાં જ તૈયાર થયેલ કાર્યકરો પોતાના ગામમાં, સમાજમાં કે અન્ય સંસ્થાઓમાં પોતાના અનુભવનો લાભ આપતા થયા છે જે અનુકરણીય અને આવકારદાયક છે, પરંતુ જ્યારે આવી પ્રવૃત્તિઓ કરનાર સેવા સમાજની પ્રવૃત્તિઓની હરીફાઈમાં ઊતરે અથવા મનમાં કોઈ તિરસ્કાર કે પોતાના અંગત દ્વેષભાવ કે અભાવથી આવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે કદાચ સેવા સમાજ જેવી સંસ્થાને નુકસાન થાય તે કરતાં સમાજને વધારે નુકસાન થાય છે અને આવું નુકસાન રિપૅરેબલ નથી. પ્રવૃત્તિઓ જો કૉમન હોય તો સંસ્થાઓ સાથે મળી કરી શકે છે અને એકબીજાની પૂરક બની પ્રવૃત્તિઓ થઈ શકે છે તેથી એનો વ્યાપ વધી શકે અને લાભકર્તાને પણ વધુ લાભ થાય. હરીફાઈ સંસ્થાઓ વચ્ચે નહીં, પણ નવી પ્રવૃત્તિઓ લાવવા માટે થવી જોઈએ કચ્છમાં કાર્ય કરતી બિદડા, ભોજાય અને ભચાઉ હૉસ્પિટલો જે રીતે કાર્ય કરે છે તે અપનાવવા લાયક છે. જુદાજુદા ફિલ્ડમાં કાર્ય કરી માનવસેવા કરે છે. આથી સંસ્થાને અને લાભકર્તા બંનેને ફાયદો થાય છે અને સંસ્થાને સમાજમાં નામના મળે છે.

છેલ્લે, ''માણસે જીવનનો સાચો આનંદ માણવો હોય તો તમારા જીવનને કે સ્ટેટ્સને અન્ય કોઈ પ્રવૃત્તિને બીજા સાથે સરખાવો નહીં.'' હિમાલય પર ચડવાના પ્રયત્નો કરી શકાય. પણ એની હરીફાઈ ન હોય. એક રીતે કોઈ કાર્ય પાર પાડવાના પ્રયત્નો કરી એમાં સફળતા મેળવી આનંદિત થવું વધારે ઇચ્છનીય છે અને એ જ સાચી પગદંડી છે. ધાર્મિક વહેમ અને ધર્માંધતા નિહારવા આપણે અને ખાસ કરી યુવાનોએ એકબીજા સાથે હરીફાઈઓ તજી એકબીજાના પૂરક થું જોઈએ એ જ આજના સમયની માગ છે.

- અસ્તુ

AMBIKA

અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,
મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાર્ટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

પ્રમુખશ્રીની કલમે

ડૉ. મંજુલા વી. શાહ

આજના દિવસે સેવા સમાજની વિવિધ લોકાભિમુખ પ્રવૃત્તિઓથી આપ સારી રીતે પરિચિત છો. તા. ૨૨ ઑગસ્ટ, ૧૯૪૭થી મુરબ્બી શ્રી વેલજીબાપાના કરકમલ દ્વારા શરૂ થયેલ સંસ્થા આજે હીરક મહોત્સવના વર્ષમાં પ્રવેશ કરી ચૂકેલ છે. સંસ્થાની પ્રવૃત્તિઓની શરૂઆત અમારા સૌના લાડીલા એવા ઍડ્વોકેટ શ્રી કેશવજી પ્રેમજી ગાલા (સમાઘોઘા) - કે.પી. ગાલા ટૂંકમાં એમની ઑફિસેથી શરૂ થઈ. મિટિંગો, ચર્ચાઓ વગેરે એમની ઑફિસે થતી. ૧૯૬૯-૭૦માં દેરાવાસી મહાજનનું નવું મકાન - શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી મહાજનવાડી જેમાં ત્યારના અધિકારીઓએ સંસ્થાને મહાજનવાડીમાં ૩જે માળે બે રૂમ ફાળવ્યા.

આ વર્ષો દરમિયાન ત્યારના અધિકારી, કાર્યકરો વગેરે જે પાયાના પથ્થરો છે અને આજ સુધીના કાર્યકરો, અધિકારીઓ વગેરે - જેમણે સંસ્થાને, સંસ્થાના પાયાને મજબૂત બનાવી અને એ સૌના અમે અધિકારીઓ ઋણી છીએ. ઈમારતનો પાયો મજબૂત હોય, પરંતુ ઈમારતમાં વપરાયેલ સિમેંટ, રેતી વગેરે ભેળસેળવાળી હોય તો એ ઈમારત ટકતી નથી એનાથી આપ સો પરિચીત છો. પાયાના પથ્થારો પછી જે પણ કાર્યકરો આવ્યા એમણે મકાન વધુ ને વધુ કેમ મજબૂત બને એ ખેવના રાખીને (મારું પોતાનું ઘર છે અને એને મારે ટકાવવું છે) નિષ્ઠાપૂર્વક કાર્ય કરેલ છે અને હીરક વર્ષ સુધીના ફળ અમે ચાખીએ છીએ.

આપણા જ્ઞાતિબંધુઓની જરૂરિયાતો સંતોષવા, નીચલા વર્ગની કેમ ઉન્નતિ થાય એ માટે ખાસ યોજનાઓ અને લક્ષ્યાંકો બનાવેલ. સમાજના સર્વાંગી ઉત્થાન માટે સેવા સમાજ સતત કાર્યશીલ રહ્યો છે. સર્વાંગી વિકાસ માટે શિક્ષણ એ પ્રથમ પાયો છે. કોઈ પણ વિદ્યાર્થી માત્ર આર્થિક કારણસર ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહી જાય એ જોવાની આપણી સૌની ફરજ છે.

સેવા સમાજે જે જે પ્રવૃત્તિઓ આટલાં વર્ષો દરમિયાન આદરી છે અને આજ સુધી એ પ્રવૃત્તિઓ ચાલુ જ છે, પરંતુ અમુક પ્રવૃત્તિઓ સ્થગિત થયેલ છે, એ બધાને આપ સૌની જાણ ખાતર રજુ કરું છું. આ બધી પ્રવૃત્તિઓનો ચાર વિભાગમાં સમાવેશ કરેલ છે : (૧) શૈક્ષણિક (૨) આરોગ્ય (૩) સામાજિક (૪) વ્યક્તિત્વ વિકાસ.

આ ઉપરની ચારેય પ્રવૃત્તિની વિસ્તારપૂર્વક આલોચના, સામાજિક, સુધારા, આરોગ્યના પ્રશ્નો એવા અનેક સુધારાનો સમાવેશ એટલે સેવા સમાજનું મુખપત્ર ''પગદંડી'' જેની આપ સૌ વાચકો રાહ જોઈ રહ્યા છો. ૧૯૫૭ના જુલાઈ મહિનાનો કેળવણી અંક 'પગદંડી'નો ૭૫મો અંક હતો, તેથી એ અંકને કેળવણી હીરક અંક તરીકે નામ આપવામાં આવેલ હતું.

૧૯૫૦થી શરૂ થયેલ પગદંડી :- તે વખતે 'પગદંડી'૬ પાનાનું અંક હતું જેનું વાર્ષિક લવાજમ રૂા. એક હતું. ૫-૬ વર્ષ પછી રૂા. બે થયું. તે સમયમાં ગ્રાહકોની સંખ્યા ૧૧૦ થી ૧૬૭ જેટલી હતી. ૧૯૬૪ અને ૧૯૬૫માં ડૉ. મુલજી ગડા, ડૉ. ઉદય ગડા જેવા કાર્યકરો પગદંડીના ફેલાવા માટે દુકાને દુકાને જઈને લવાજમ ઉઘરાવતા. ઘણી વ્યક્તિઓ સામેથી લવાજમ આપી જતી. ૧૯૭૫-૭૬ની આ વાત કરવા મારી કલમને હું રોકી નથી શકતી. એ વખતે હું મહાજન વાડીના બીજો ગૅટ જ્યાં મહિલામંડળનું ક્ષેત્ર હતું. સમાજનું પ્રથમ મહિલા મંડળ - શ્રી કચ્છી વીસા ઓશવાળ મહિલા મંડળ. ત્યાં બહાર સેવા સમાજના કાર્યકરો મળ્યા. મારી સાથે મંડળના ટ્રસ્ટી ડૉ. જ્યોત્સ્નાબેન અને મંડળનાં પ્રમુખ રતનબેન ગોસર તે વખતનાં સામાજિક કાર્યકર આવતાં દેખાયાં, પરંતુ અમારી પાસે પહોંચે તેનાથી પહેલાં તેમણે રસ્તો ક્રોસ કરી સામેની લાઈનમાં આગળ ચાલી ગયાં. બીજી વખત આ કાર્યકર અને સામાજિક વ્યક્તિ મળ્યા ત્યારે મેં સહેજ પૂછ્યું તમે સામે કેમ ચાલી ગયાં, ત્યારે તેમણે જવાબ આપ્યો કે, બંને ગડાથી અમે દૂર ભાગીએ છીએ, કારણકે એમના પાસે એવી આવડત છે કે સેવા સમાજ માટે અમારી પાસેથી કંઈ ને કંઈ ડોનેશન લઈને જ જંપે છે. પણ આ કાર્યકરોને એવી કોમેન્ટની કશી પડી નથી હોતી. એવા જ કાર્યકર છેલ્લાં પંદર વર્ષથી સેવા સમાજને સાંપડેલ છે અને તે છે શ્રી મનીષ ગાલા.

શૈક્ષણિક પ્રવૃત્તિઓ:

(a) બુક બૅન્ક - ૧૯૬૩થી સમાજના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પાઠ્ય પુસ્તકોની સગવડ

(b) શૈક્ષણિક સેમિનાર, શૈક્ષણિક સન્માન - ૧૯૫૬થી શરૂ થયેલ જે આજ દિવસ સુધી કાર્યરત છે. ૧૯૫૭ના મે-જુન મહિનામાં વૉકેશનલ ગાઈન્ડન્સના સહકારથી વિદ્યાર્થીઓને ભાવિ શૈક્ષણિક કારકીર્દી વિશે માર્ગદર્શન આપતું પ્રદર્શન ૨૫ મે થી ૨ જુન, સુધી સર્વોદય કેન્દ્રમાં યોજેલ. કચ્છી સમાજમાં સેવા સમાજ દ્વાર આ પ્રકારનું પ્રદર્શન પ્રથમ હતું અને સમાજ તરફથી આ પ્રદર્શનને ખૂબ ખૂબ આવકાર મળેલ.

(c) શૈક્ષણિક લોન - ૧૯૯૬ થી પહેલા આર્થિક સહાય અપાતી. ત્યાર પછી લોન યોજના શરૂ થઈ. આ લોન વગર વ્યાજની છે અને આજ સુધી કાર્યરત છે

(d) વિદેશ જતા વિદ્યાર્થીને વગર વ્યાજે લોન - આ યોજનાની શરૂઆત ૧૯૯૭થી થયેલ છે એ સાથે વિદેશ જતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન, શૈક્ષણિક સન્માન તથા શુભેચ્છા વિદાય સમારંભ, વૉકેશનલ ગાઈડન્સ, કાઉન્સેલિંગ તથા એપ્ટિટ્યુડ ટેસ્ટ

(e) કોમ્પ્યુટર લોન -વિદ્યાર્થીઓ માટે વગર વ્યાજે કોમ્પ્યુટર લોન ૧૦૦૨ થી શરૂ થયેલ

(f) શ્રુત, ગુણ, ગૌરવ એવૉર્ડ - ૨૦૧૭થી આ એવૉર્ડ આપવાની શરૂઆત કરેલ છે

(૨) આરોગ્ય (૩) સામાજિક અને (૪) વ્યક્તિત્વ વિકાસ એ અંગેની પ્રવૃત્તિઓની માહિતી તથા શૈક્ષણિક પ્રવૃત્તિની વિશેષ માહિતી આવતા અંકમાં......

મો. : ૯૩૭૨૮ ૮૧૨૮૦

પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

તંત્રી લેખ - પુનઃસ્થાપન

ઑગસ્ટ, ૨૦૨૧ ના અંકમાં તંત્રી લેખમાં એવો દાવો કરવામાં આવેલ છે કે આટલાં વર્ષોથી ચાલતી અને અંગ્રેજો દ્વારા સ્થાપિત શિક્ષણ નીતિ નકામી છે અને ભારતન પંચોતેર વર્ષે નવી શિક્ષા નીતિ મળી તે આવકાર્ય છે.

લૉર્ડ મૅકોલ ભારતમાં ૧૮૫૮માં એક શિક્ષણ નીતિ લાવ્યા અને ભારતમાં દરેક વર્ગને શિક્ષણ મેળવવાનો અધિકાર મળ્યો. આ પહેલાં શિક્ષણ ફક્ત એક વર્ણ પૂરતું મર્યાદિત હતું. આપણી કોમ વૈશ્યને શિક્ષણનો અધિકાર ક્યારે મળ્યો એ માહિતી નથી. પણ આ શિક્ષણ નીતિ આવ્યા પછી આપણાં મહાજનોએ ગામેગામ પાઠશાળાઓ શરૂ કરી. શરૂઆતમાં પ્રાથમિક અને ક્યાંક ક્યાંક માધ્યમિક સુધીની અને મુંબઈમાં મેટ્રિક સુધીની, સાથે સાથે બોર્ડિંગ સ્કૂલો પણ શરૂ કરી... ભારતનો બહોળો વર્ગ શિક્ષણના અધિકારને પામ્યો.

જે શિક્ષણ નીતિ દ્વારા ભારતને એ.પી.જી. અબ્દુલ કલામથી માંડીને એક જુનિયર ઈજનેર જે રાત્ર-દિવસ રેલ કે પાણી જેવી વ્યવસ્થાઓ સંભાળે છે એ શિક્ષણ નીતિ નકામી હતી, કઈ રીતે ? ભારત સોઈથી લઈને પરમાણુ શક્તિ કે સબમરીન બનાવવા સક્ષમ થયું. આ જ શિક્ષણ નીતિને આધારે. આજે ભારતનો દબદબો ચીન કરતાં વધુ હોય તો તે છે Information technologyને ક્ષેત્રે, જે ભારતના યુવાનોના અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને લીધે છે. આજે ભારતના શિક્ષિત યુવાનો અમેરિકી ઉદ્યોગોમાં ડંકો વગાડી રહ્યા છે તે શિક્ષણ નીતિ નકામી કઈ રીતે ?

તંત્રી કહે છે કે હવે ભારત એક મૃતપ્રાયઃ અને એક વર્ગવિશેષની ભાષા સંસ્કૃત શીખવાથી ભારત આગળ વધશે. નવી પેઢીને સંસ્કૃત શીખવી બ્રાહ્મણ પરમ્પરા શીખવવી છે કે ?

સવાલ થાય છે કે તો પછી જૈન અને બૌદ્ધ ગ્રંથો પ્રાકૃત ભાષામાં કેમ લખાયા ? સંસ્કૃતમાં કેમ નહીં ? કારણકે સંસ્કૃત ત્યારે પણ લોકભાષા ન હતી.

છેલ્લે દાર્વિનના સિદ્ધાંત મુજબ જે fit હશે અને સાથે સાથે સમય અને સંજોગો પ્રમાણે બદલાશે તે ટકશે. Not only fittest but one who changes with time and circumstances. ભવિષ્ય એ છે કે એક દાયકા પછી જો પગદંડી અંગ્રેજીમાં નહીં આવે તો વાંચનાર કોઈ નહીં હશે.

- તલક શાહ (ગાલા)

પારલા, કોડાય મો.: ૯૯૬૭૩૩૧૪૬૦

પ્રતિસાદ

શ્રી તલક શાહે ઑગસ્ટ, ૨૦૨૧ ના તંત્રી લેખ 'પુનઃ સ્થાપન' અંગે એમનો પ્રતિભાવ આપી વૈચારિક આદાન-પ્રદાનની ભૂમિકા ઊભી કરી છે. એમનો આભાર.

શ્રી તલક શાહ જણાવે છે કે તંત્રી લેખમાં એવો દાવો કરવામાં આવેલ છે કે અંગ્રેજો દ્વારા સ્થાપિત શિક્ષણ નીતિ નકામી છે. તંત્રી લેખમાં આવો કોઈ જ દાવો કરવામાં આવ્યો નથી. લૉર્ડ મૅકોલે દ્વારા ઘડવામાં આવેલ અને ૧૮૫૮માં અમલમાં મૂકવામાં આવેલ શિક્ષણ નીતિની પશ્ચાદ્‌ભૂમિ સમજવી જરૂરી છે. લોર્ડ મૅકોલેના બ્રિટિશ રાજકર્તાઓ અને અધિકારીઓ સાથેના પત્ર-વ્યવહારમાંથી આ ભૂમિકા જાણી શકાય છે. મૅકોલે દ્વારા ઘડાયેલ શિક્ષણ અંગેની નીતિ પાછળ અંગ્રેજ શાસકોનો એકમાત્ર ઉદ્દેશ હતો કે શિક્ષિત યુવાઓ એમને વહીવટમાં વધુમાં વધુ સહાયક બને અને વહીવટ સુગમતાપૂર્વક ચાલી શકે અને પરિણામ સ્વરૂપ અંગ્રેજોનો શાસકીય પ્રભાવ ભારતની પ્રજા પર છવાઈ રહે.

એક સર્વસ્વીકૃત અને અનુભવ-સિદ્ધ વિધાન છે કે કોઈ પણ પ્રજાને જો પાંગળી કરવી હોય તો એ પ્રજાની ભાષા એની પાસેથી છીનવી લેવી. અંગ્રેજો દુરંદેશી હતા અને આ વિધાન પાછળના હાર્દને સારી રીતે સમજતા હતા. આ નીતિ આ કોલોનિયલ શાસકોએ દુનિયામાં અનેક જગ્યાએ અખત્યાર કરી. એમને એમના મકસદમાં સફળતા પણ સાંપડી. ભારતમાં પણ અંગ્રેજ શાસકોએ આ જ નીતિ અપનાવી અને બ્રિટિશ શાસનની પકડ ભારતમાં મજબૂત કરી. કોઈ પણ પ્રજાના મૂળ એની ભાષામાં હોય છે. આ મૂળ સાથે એ પ્રજાની સંસ્કૃતિ જોડાયેલી હોય છે. આ સંસ્કૃતિ એની ભાષા દ્વારા પોષાય છે અને પલ્લવિત થાય છે. બ્રિટિશરો આ સઘળું સારી રીતે સમજતા હતા. એમનો મનસૂબો આપણી સંસ્કૃતિને મૂળસોતી ઉખેડી નાખવાનો હતો, પરંતુ આપણા વિવિધ પ્રદેશોની વિવિધ પ્રજાની ભાતીગળ સંસ્કૃતિનાં મૂળ ખૂબ ઊંડાં હતાં એટલે જ આપણી સંસ્કૃતિ સાબૂત રહી શકી. તે છતાં એ હકીકત છે કે આપણી મૂળભૂત સાંસ્કૃતિક પરંપરાઓ અને વહેવાર પર વર્ષોની ગુલામી અને અંગ્રેજોની કૂટનીતિની સ્પષ્ટ અસર વર્તાય છે.

તાત્પર્ય એ છે કે અંગ્રેજોએ ઘડેલી નીતિ એમના તત્કાલીન ઉદ્દેશથી ઘડાઈ હતી અને એમના શાસનને અનુરૂપ હતી. સ્વતંત્ર ભારતમાં આ દેશની પરિસ્થિતિ, સંસ્કૃતિ અને સ્વકીય જરૂરિયાતોને અનુલક્ષીને શિક્ષણ નીતિ હોવી જોઈતી હતી. આપણા શાસકો એનું મહત્ત્વ સમજી ન શક્યા. એક ભાષા તરીકે અંગ્રેજીનો વિરોધ ન હોય, પરંતુ આ દેશની વિવિધ ભાષાઓને ભોગે તો અંગ્રેજી ન જ થોપી શકાય.

એ કહેવું સત્યથી વેગળું છે કે લૉર્ડ મૅકોલે દ્વારા લાવવામાં આવેલી નીતિને કારણે ભારતમાં દરેક વર્ગને શિક્ષણનો અધિકાર મળ્યો. આ અધિકાર તો હતો જ, પરંતુ આપણી સમાજ વ્યવસ્થા અને માન્યતાઓને કારણે પ્રજાનો મોટો વર્ગ શિક્ષણથી વંચિત હતો. અંગ્રેજોએ તો કેવળ એક માળખું જ આપ્યું, અધિકાર નહીં.

ભારતને એ.પી.જે. અબ્દુલ કલામથી માંડી અન્ય નિષ્ણાતો મળ્યા એ તેમની અપ્રતિમ બુદ્ધિ-પ્રતિભા અને લગનને કારણે મળ્યા, નહીં કે અંગ્રેજોની શિક્ષણ નીતિને કારણે. ભારતીય યુવાનોની બુદ્ધિ-પ્રતિભા ખુદ અંગ્રેજોના દેશમાં અને અમેરિકામાં પણ ડંકો વગાડી રહી છે એ એમનાં બૌદ્ધિક કૌશલ્ય ને કારણે, નહીં કે અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વને કારણે. અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વે કેવળ એક સહાયકની ભૂમિકા ભજવી છે.

સંસ્કૃત ભાષામાં તો આ દેશની સંસ્કૃતિનાં મૂળ છે. આપણા ઋષિ-મુનિઓ દ્વારા રચિત વેદો, ઉપનિષદો, આયુર્વેદના ગ્રંથો તેમ જ અન્ય કેટલાય ગ્રંથો સંસ્કૃતમાં રચાયેલા છે. આ ગ્રંથો તો જ્ઞાનના ભંડારો છે. આ નિર્વિવાદ હકીકત વચ્ચે બ્રાહ્મણ પરંપરાનું ગતકડું અને તે પણ આજના સમયે લાવવું નિરર્થક છે. શ્રી તલક શાહનું ધ્યાન દોરતાં કહું કે, Talking computer અંગે વૈજ્ઞાનિકો અને વિદ્વાનોએ વિશ્વની તમામ ભાષાઓની સમીક્ષા કરતાં પ્રતિપાદિત કર્યું છે કે સંસ્કૃત એક વૈજ્ઞાનિક ભાષા છે અને વ્યાકરણ અને ધ્વનિ બન્ને પ્રકારે એ Talking computer માટે સૌથી વધુ સ્વીકાર્ય ઠરેછે. વેદો અને ઉપનિષદો જેવા ગ્રંથો જ નહીં, પરંતુ આપણું ઉત્તમ સાહિત્ય પણ સંસ્કૃતમાં રચાયેલું છે. મહાકવિ કાલીદાસ, ભવભૂતિ અને બીજા અનેક સાહિત્યકારોનું ઉત્તમ સાહિત્ય સંસ્કૃતમાં જ રચાયેલું છે, પરંતુ આજે આપણે એ સાહિત્યથી દૂર થઈ રહ્યા છીએ.

સંસ્કૃત ભાષા એક સમયે લોકભાષા હતી. રાજા ભોજના સમયે એ પ્રજામાં બોલચાલની ભાષા હતી. આજની વાત કરીએ તો આ દેશની લોકભાષા કઈ? હિંદી કે અંગ્રેજી? હિંદી તો આ દેશમાં સૌથી વધુ પ્રચલિત ભાષા છે, પરંતુ તો યે આપણે અંગ્રેજીનું પૂછડું પકડીને દોરાઈ રહ્યા છીએ. આપણી લોકભાષાનું સ્થાન તો નિઃશંક હિન્દીનું જ હોઈ શકે.

શ્રી તલક શાહનું કહેવું છે કે જો પગદંડી અંગ્રેજીમાં નહીં આવે તો વાંચનાર કોઈ નહીં હોય. આ એક દુઃખદ ઘડી હશે. એક સવાલ પૂછું! અંગ્રેજીમાં છપાતું કયું સાહિત્ય કેટલું વંચાય છે? વધુ વંચાતું અંગ્રેજી સાહિત્ય કઈ કક્ષાનું છે? આપણી અસ્મિતા નામશેષ થાય એની વ્યથા પણ આપણે નથી અનુભવી રહ્યા શું?

- ચંદ્રકાંત નંદુ

મો. ૯૩૨૩૫૪૧૩૫૧

પગ મેં ભ્રમરી

લીલાધર માણેક ગડા

જ્યારે આફત આશીર્વાદ બને છે

કોરોના મહામારી દરમિયાન મેડિકલ ક્ષેત્રે થયેલા કડવા અનુભવો બહુ જ દુઃખદાયક હતા. ઘણા કિસ્સાઓમાં ડૉક્ટરોએ માનવતાને કોરાણે મૂકી રીતસર દર્દીઓની મજબૂરીનો ગેરલાભ ઉઠાવ્યો છે. એમને લૂંટ્યા છે. સારવાર અને દવાઈઓની કિંમત ત્રણ થી ચાર ગણી લીધી છે. કોવીદ બીમારીના ભય અને ફફડાટ આગળ ધરીને દર્દી પાસેથી એના ગજાબહારનાં પૈસા ઓકાવ્યા છે. આવા અંધકાર વચ્ચે માનવતાની ઊજળી લકીરો પણ ખેંચાઈ છે. આશાનાં કિરણો પણ પ્રગટયાં છે. આજે વાત કરવાની છે હકારાત્મક અભિગમની, POSITIVE ATTITUDEની. અંગ્રેજીમાં એક મહાવરો છે BLESSING IN DISGUIES - આફત ક્યારેક આશીર્વાદરૂપ બને છે.

ભોજાય સર્વોદય ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં કેંદ્રમાં છે છેવાડેનો વિસ્તાર, છેવાડેનું ગામ અને છેવાડેનો માણસ. સંસ્થા દ્વારા આપવામાં આવતી સુવિધાઓના પ્રથમ હકદાર છે સમાજનાં વંચિત સમુદાયો, મહિલાઓ અને કુપોષિત બાળકો. ભોજાય ટ્રસ્ટે સને ૨૦૧૫થી આ માટે શરૂ કરેલ છે. મહિલા આરોગ્ય અભિયાન અને બાળ આરોગ્ય અભિયાન. આ પ્રોગ્રામો અંતર્ગત પ્રતિમહિને મુંબઈથી લેડી ડૉક્ટરો અને બાળરોગ નિષ્ણાતો બે થી ચાર દિવસ માટે કચ્છના દુર્ગમ વિસ્તારોનાં સુદૂર ગામડાંઓમાં મહિલાઓ અને બાળકોને તપાસી જરૂરી દવાઓનું વિતરણ કરતાં હતાં, દરદી તથા વાલીઓને માર્ગદર્શન આપતાં હતાં અને જેમને વિશેષ સારવાર અથવા સર્જરીની જરૂરત હોય તેમનો ભોજાય હૉસ્પિટલમાં સમયાંતરે યોજવામાં આવતા મેડિકો-સર્જિકલ કૅમ્પોમાં રીફર કરતાં હતાં. દરદીઓ માટે આ સર્વ સુવિધાઓ નિઃશુલ્ક અપાય છે.

બાળરોગ નિષ્ણાત ડૉ. જયેશ કાપડિયાએ (ગામ:પત્રી - મુલુંડ) બન્ની, નાની બન્ની, તલ-લૈયારી, મોતીચૂર જેવા વિસ્તારો પસંદ કર્યા હતા જ્યાં કુપોષણથી પીડાતાં બાળકોની સંખ્યા ગણનાપાત્ર છે. બાળકોના માવિત્રોમાં અજ્ઞાનતા, આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યે બેકાળજી અને ડૉક્ટરી સેવાઓનો અભાવ, ખાનપાનમાં મર્યાદાઓ, ગરીબી ઈત્યાદિને કારણે કુપોષણનું પ્રમાણ વધતું જતું હતું. શરૂઆતમાં વડીલો બાળકોને મોકલતા નહીં,

પરંતુ ડૉ. જયેશે ધીરજથી કામ લીધું. એમની સારવાર અને દવાથી બાળકોની તબિયત સારી થઈ એટલે એમના વાલીઓને ખોરાક અને સ્વચ્છતા જાળવવા માટે માર્ગદર્શન આપ્યું. ધીમેધીમે બાળકોની સંખ્યા વધી. ગામની દાયણો, શિક્ષકો અને સમજદાર વ્યક્તિ આ અભિયાનમાં જોડાયાં છે. ડૉ. જયેશ પ્રતિદિન ૨૦૦ થી ૨૫૦ બાળકોને તપાસે છે અને દવાઓ આપે છે. પ્રતિશિબિરમાં ત્રીસેક વાલીઓ સાથે વાર્તાલાપ કરે છે. આ અભિયાન માટેનું અનુદાન ગામ સાડાઉનાં માતુશ્રી સાકરબેન લાલજી પ્રેમજી ગાલા (મંગરાઈ) પરિવાર તરફથી પ્રાપ્ત હતું. પાંચ વર્ષ દરમિયાન હજારો બાળકોને લાભ આપનાર આ આયોજન ૨૦૨૦, માર્ચથી કોરોના મહામારીને કારણે બંધ થયું જે ફરી જૂન, ૨૦૨૧ થી (પંદર મહિનાનાં વિક્ષેપ પછી) શરૂ થયું છે. સામાન્ય રીતે પ્રસિદ્ધિથી દૂર રહેતા ડૉ. જયેશ કાપડિયા અને સંસ્થાના સ્ટાફ દીપક મોખાએ ઑગસ્ટ મહિનાની શિબિરના ફોટાઓ મોકલ્યા ત્યારે આ શિબિરની મુશ્કેલીઓનો ખયાલ આવ્યો. બપોરના ભોજન માટે રોટલા-પાણી ભોજાયથી લઈ ગયાં હતાં જે તેમણે વડના ઝાડ નીચે ઓટલા પર બેસી ખાધા. બાળ દરદીઓની તપાસણી બાવળના ઝાડ નીચે ટેબલ-ખુરસી ગોઠવી કરવામાં આવી અને વાલીઓ સાથે મુલાકાત માટે ખાટલા હતા. તે દિવસે તાપમાન આશરે ૪૦ ડિગ્રી જેટલું હતું. આ અભિયાનમાં કાર્યરત ડૉ. જયેશ કાપડિયાને તથા ભોજાય સર્વોદય ટ્રસ્ટના સ્ટાફને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

ભોજાય સર્વોદય ટ્રસ્ટે સને ૨૦૧૫ થી મહિલા આરોગ્ય અભિયાન શરૂ કર્યું હતું જેનો ઉદ્દેશ અબડાસા લખપત તાલુકાની મહિલાઓને પ્રજનન અવયયો (ગર્ભાશય)નાં રોગો અંગે તપાસ, નિદાન, સારવાર અને ઑપરેશનની સુવિધાઓ આપવાનો અને આ રોગો અંગે જાગરુકતા લાવવાનો હતો. આયોજન હેઠળ મુંબઈથી સિનિયર લેડી ડૉ. હસુમતી છેડા અને ડૉ. માધુરી સંગોઈ પ્રતિમહીને ત્રણ થી ચાર દિવસ કચ્છ પધારી આ કાર્યક્રમનું સંચાલન કરતાં હતાં. આ અભિયાનને શ્રીમતી તરલાબેન જયંતભાઈ છેડા (Prince Pipe & Fittings Ltd.) તરફથી સ્પોન્સર કરવામાં આવતો હતો. કોરોના મહામારીને કારણે માર્ચ, ૨૦૨૦ થી આ કાર્યક્રમ બંધ કરવો પડ્યો હતો જે ઑક્ટોબર, ૨૦૨૧ થી વધારે વિસ્તારોને આવરી લેવાના નિર્ણય સાથે શરૂ થાય છે અને કોરોના મહામારીની આફત અહીં આશીર્વાદરૂપ બની છે તેવું વિધાન કરતાં મને આનંદ થાય છે.

કોરોનાની પ્રથમ લહર અને બીજી લહર દરમિયાન ભોજાય હૉસ્પિટલના બધા વિભાગો

માત્ર એકએક મહિનો બંધ રહ્યા હતા. તે સિવાય જે તે વિભાગો કાર્યરત હતા. ભોજાય હૉસ્પિટલમાં સમયાંતરે યોજાતા મેડિકો-સર્જિકલ કૅમ્પો સંસ્થાની વિશેષ પ્રવૃત્તિ છે. આ મેડિકલ કૅમ્પોમાં સેવા આપતા ડૉક્ટરો અને સ્વયંસેવકો મુંબઈથી આવતા હતા. કોરોના મહામારી દરમિયાન અવર-જવર બંધ થતાં એ પ્રવૃત્તિ ખોરંભે પડી, પરંતુ ભોજાય હૉસ્પિટલનાં સ્ટાફે સ્થાનિક ડૉક્ટરોનો સંપર્ક કરી મેડિકો-સર્જિકલ કૅમ્પો શરૂ કરવાનો નિર્ધાર કર્યો. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ કોરોના અંગેના સરકારી નિયમો અને કૅમ્પમાં ઑપરેશનોની સંખ્યા રૂટિનમાં થતાં કૅમ્પોનાં ત્રીજા ભાગ જેટલા કરવાની શરતો આધીન ભોજાયમા મેડિકલ કૅમ્પો માટે મંજૂરી આપી. આ તમામ નિમયો અને પ્રોટોકોલનું ચુસ્ત પાલન કરી જૂન, ૨૦૨૦ થી મેડિકો-સર્જિકલ કૅમ્પો સ્થાનિક ડૉક્ટરોના સહકારથી શરૂ થયા. દરદીઓનાં ધસારાને પહોંચી વળવા પ્રતિ બે અથવા ત્રણ મહિને યોજાતા કૅમ્પોને બદલે પ્રતિ મહીને મેડીકો-સર્જીકલ યોજનાનું શરૂ કર્યું. આથી વાર્ષિક ઑપરેશનોની સંખ્યા યથાવત્ રહી.

સ્થાનિક ડૉક્ટરોની નિષ્ઠા, અનુભવ અને જ્ઞાનના ત્રિવેણી સંગમનો અનુભવ થયો. માત્ર મુંબઈના ડૉક્ટરો જ શ્રેષ્ઠ હોય છે એવો ભ્રમ ભાંગી ગયો. સ્થાનિક ડૉક્ટરોનું નિદાન, ઑપરેશન સ્કીલ (Skill) ઉત્તમ પ્રકારનાં રહ્યાં અને એમની સેવા પરાયણતાનો એક ઉજ્જવળ દાખલો અમારી સમક્ષ આવ્યો. સ્ત્રીરોગ શિબિરોમાં સેવા આપવા આવનાર ગાયકોનોલૉજિસ્ટની ટીમનાં એક સભ્ય છે ડૉ. કાલિંદીબેન ગાંધી કંડલા પૉર્ટ ટ્રસ્ટની હૉસ્પિટલનાં ચીફ મેડિકલ ઑફિસર છે અને ઘણાં વર્ષોથી ત્યાં કાર્યરત છે.

જાન્યુઆરી, ૨૦૨૧માં શિબિર સમાપન પછી તેઓ મારી પાસે આવ્યાં અને જણાવ્યું કે તેઓ સને ૨૦૨૨ની આખરમાં રિટાયર થશે અને ત્યાર પછી તેઓ ભોજાય હૉસ્પિટલમાં સેવા આપવા ઉત્સુક છે. આ વાત છેડતાં તેમણે મને એમ પણ કહ્યું, ''અધા, આપ મારા વડીલ જેવા છો એટલે આપે મને માનાર્થે બહુવચનને બદલે સ્નેહભર્યા એકવચને સંબોધન કરવું.'' તે દિવસે સાંજે ભોજન ટેબલ પર હળવી શૈલીમાં થયેલા વાર્તાલાપના થોડાક અંશો...

''કાલિંદી, તું શહેર છોડી ગામડામાં આવવાનો નિર્ણય કેમ લે છે !''

''અધા, હું ભોજાય હૉસ્પિટલમાં કામ કરવા આવી ત્યારથી કંઈક વિશિષ્ટ અનુભવ કરી રહી છું. અહીંનું ઘર જેવું વાતાવરણ, સ્ટાફની નિષ્ઠા અને ફરજચુસ્તી તથા દરદીઓ પ્રત્યેનું માયાળુ વર્તન મને સ્પર્શી ગયું છે એટલે

નિવૃત્તિ પછી હું ઈચ્છતી હતી એવી જગ્યા મને સાંપડી છે.''

''કાલિંદી, કંડલા પૉર્ટ ટ્રસ્ટ જેટલો પગાર સંસ્થા આપી ન શકે.''

''અધા, આપ જે પણ આપશો તે મને સ્વીકાર્ય છે.''

અને મેં એકદમ ખુલ્લા મને મજાકીયા અંદાજમાં ડૉ. કાલિંદીબેન ગાંધીને જણાવ્યું. ''જો કાલિંદી, અમે તને ખાના, પીના, તીસ દિનકા મહિના જેટલો પગાર મળશે.''

અને મારી વાતના અનુસંધાને કાલિંદીબેનના જવાબથી હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો અને મેં મનોમન એમને વંદન કર્યા.

કાલિંદીબેને મને જણાવ્યું.....''અધા, ખાના, પીના તીસ દિનકા મહિનામાં રહેના (રહેવાનું) જોડી દેશો તો મને એટલું બસ છે. હું એકલી છું અને મારી પર કોઈ જવાબદારીઓ નથી. મારી જરૂરિયાત કરતાં મને ઘણું વધારે પેન્શન મળશે, એટલે ભોજાયમાં મને સેવાકાર્ય કરવાની તક મળે એટલી જ અપેક્ષા છે.''

જુલાઈ, ૨૦૨૧ની સ્ત્રીરોગ શિબિરમાં ડૉ. કાલિંદીબેન ભોજાય આવ્યાં હતાં. સાંજે ભોજન ટેબલ પર ડૉ. કાલિંદીબેને ફરી પાછા વિશિષ્ટ સમાચાર આપ્યા....

''અધા, હું આવતા મહિને V.R.S. (સ્વૈચ્છિક નિવૃત્તિ) લઉં છું અને સપ્ટેંબર, ૨૦૨૧થી ભોજાય આવી જાઉં છું. મારે હવે ૨૦૨૨-૨૩ સુધી રાહ જોવી નથી.''

''કાલિંદી, હું તારા નિર્ણયનું સ્વાગત કરું છું. પણ તારાં જ્ઞાન, અનુભવ અને સેવાનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરી શકીએ તે આપણને વિચારવું પડશે.''

વળતા દિવસે ડૉ. કાલિંદી, નવીન અને હું અમે ત્રણ જણે એ અંગે વિચારવિમર્શ કર્યો. નવીનનું સૂચન હતું કે કોરોનાને કારણે બંધ પડેલ મહિલા આરોગ્ય અભિયાનને ફરી શરૂ કરીએ. મને એ સુઝાવ ગમ્યો અને એ કાર્યક્રમ મહિનામાં ત્રણ-ચાર દિવસને બદલે વધારે વિસ્તારોને આવરી લેવા પંદર દિવસ (પ્રતિ મહિને) માટે ચલાવીએ અને બાકીના દશ દિવસ ડૉ. કાલિંદીબેનની સેવાઓ ભોજાયમાં ઓ.પી.ડી. તથા મેડિકલ કૅમ્પ માટે લઈએ.

મહિલા આરોગ્ય અભિયાન પ્રોગ્રામને વિસ્તૃત અને ઘનિષ્ઠ સ્વરૂપ આપવાનો નિર્ણય લેતાં પહેલાં મેં ડૉ. કાલિંદીને પૂછી લીધું... ''કાલિંદી, તારી સેવાઓ શ્રેષ્ઠ રીતે તું આપી શકે તે માટે તને અબડાસા અને લખપત તાલુકાના આરોગ્ય સેવાઓથી વંચિત વિસ્તારોની મુલાકાતે જવું પડશે અને

પ્રતિસપ્તાહ ત્રણથી ચાર દિવસનો પ્રવાસ ખેડવો પડશે.''

ડૉ. કાલિંદીબેને દો ટુક જવાબ આપ્યો ''હું તૈયાર છું.''

અમે જિલ્લા આરોગ્ય અધિકારીનો સંપર્ક કર્યો. એમની સાથે વિચારવિમર્શ કરી અબડાસા, લખપત, નખત્રાણા તાલુકાનાં આરોગ્ય સેવાઓથી વંચિત ગામડાંઓની મહિલાઓનાં આરોગ્ય માટે પ્રોજેક્ટ બનાવ્યો.

ડૉ. કાલિંદીબેન ઑક્ટોબર, ૨૦૨૧ થી પ્રતિમહિને અબડાસાનાં ૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો લખપત તાલુકાનાં પાંચ આરોગ્ય કેન્દ્રો, નખત્રાણા તાલુકાનાં ત્રણ આરોગ્ય કેન્દ્રો બન્નીનું એક મળી પંદર આરોગ્ય કેન્દ્રો તથા નલિયા અને દયાપરનાં બે તાલુકા મથક કેન્દ્રો મળી કુલ સત્તર આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લેશે જે માટે એમને પ્રતિમાસ અંદાજે એક હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડવો પડશે અને આ કેન્દ્રો પર આશરે ૮૦૦ મહિલાઓની ગર્ભાશય, પેશાબ અને પેટના રોગો માટે તપાસણી થશે. મહિલાઓને દવાઓ નિઃશુલ્ક આપવામાં આવશે. જે દરદીઓની વિશેષ તપાસ સોનોગ્રાફી, માઈનર સર્જરી, બાયોપ્સીની જરૂરત હશે તેમને તે માટે ભોજાય હૉસ્પિટલમાં બોલાવવામાં આવશે અને પ્રતિ-સપ્તાહ બે દિવસ ડૉ. કાલિંદીબેન ભોજાયમાં આવા દરદીઓને લાભ આપશે. મેજર ઑપરેશનની જરૂરત હોય તેવી મહિલાઓની ભોજાય હૉસ્પિટલમાં પ્રતિમહિને યોજાતી સ્ત્રીરોગ શિબિરમાં તપાસ કરવામાં આવશે. મહિલા દરદીઓને સર્વ સુવિધાઓ વિનામૂલ્યે અપાશે. મહિલા આરોગ્ય અભિયાનને ફૂલપ્રૂફ (Full Proof) પ્રોજેક્ટ બનાવવાની હર સંભવ કોશિશ કરવામાં આવશે.

પ્રતિવર્ષ દસ મહિના મહિલા આરોગ્ય અભિયાન અને બાળરોગ અભિયાન કાર્યક્રમો ચાલશે. મહિલા આરોગ્ય અભિયાન માટેની આગામી ત્રણ વર્ષ માટેના ખર્ચ માટેનું અનુદાન ગામ ડોણનાં શ્રીમતી તરલાબેન જયંતભાઈ છેડા (Prince Pipe & Fittings Ltd.) તરફથી પ્રાપ્ત થયું છે. બન્ને આરોગ્ય અભિયાનોનાં સુચારુ સંચાલન માટે જરૂરી વાહનો માટે અનુદાનો શ્રોફ પરિવાર અને શ્રી લઠેડી જૈન સંઘ તરફથી આપવામાં આવશે. મેં મારા 'પગમે ભમરી'માં અગાઉ એક સ્થળે નોંધ્યું હતું, ''દાતાઓનો વિશ્વાસ એ અમારા અકિંચન હાથોમાં રહેલી શ્રેષ્ઠ મૂડી છે.'' મારા આ વિધાનને દાતાઓએ સાર્થક કર્યું છે.

ડૉ. કાલિંદીની સેવાઓ અને અનુદાતાઓનાં દાનના અભિષેકથી અમારું મસ્તક તેઓને શત વાર વંદન કરવા ઝૂકી પડે છે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

વર્ષાનો વૈભવ

✳ ડૉ. ગિરીશ વીછીવોરા ✳

વરસાદ વરસે છે. - મુસળધાર. ઘરના હૂંફાળા વાતાવરણમાં બારી પાસે બેસી વર્ષાલીલાના વૈભવને માણતો લખી રહ્યો છું. વરસાદને પોતાનું આગવું સમયપત્રક હોય છે. એના પ્રમાણે જ એ ચાલે. સહેજે આપણા નિત્યક્રમ સાથે એનો મેળ જામે નહિ. નગરજનો તો કહેશે. ભલે ને રાતના દશથી સવારના છ સુધી મન મૂકી વરસ્યા કરે. પછી ખમૈયા કરે તો અમે અમારે કામધંધે જઈ શકીએ!

વર્ષાએ હવે હેલીનું રૂપ ધારણ કર્યું છે. આજુબાજુનાં મકાનો ધૂંધળાં થયાં છે. વર્ષાસ્નાને મહાલતાં રહ્યાં છે. વર્ષાની ધાર પાતળી નેતરની સોટી જેવી થઈ જમીન પર પટકાય છે. જમીન પાછી ડામરજડિત. સહનશક્તિ ઓછી. ડામર ધારા ઝીલી ગજબનો ડખો કરે છે. એ ઓછું હોય તેમ નળિયાંનાં તો નહિ,પણ ક્યાંક સિમેન્ટ શીટનાં નેવાં ગજબની સ્ફૂર્તિમાં આવી ગયાં છે. નેવાંની ધાર જમીન પર-જમીન સ્વની- લાદી પર પટકાય ને પોતાનો અનોખો અવાજ ઉપસાવે. વર્ષાની ઑર્કેસ્ટ્રામાં આવાં કંઈક વાજિંત્રો પોતાનું આગવું સ્વરૂપ અલાયદું રાખી સહિયારી ભાગીદારીમાં વાગી રહ્યાં છે. અગાશીનું પાણી પાઈપ દ્વારા નીચે ઊતરે ને ગૌમુખ બની જળધારા વહાવતું રહે છે.

વૃક્ષ હર્ષોલ્લાસે સ્થિર છે. વર્ષા ઝીલી, અંઘોળ કરી પાંદડાં દ્વારા પાણીની ઝીણી સરવાણીઓ જમીન પર ફેલાવતાં રહે છે. જમા થયેલા પાણી વારિનો વલવલાટ અહીં-તહીં સંભળાય છે. જળ ઝાલ્યું-ઝલાતું નથી. સંઘબળ બતાવી મોરચાની તૈયારી કરતું વર્તાય છે. આજુબાજુની ગલ્લીઓમાંથી આવા જ નાના–મોટા મોરચા નીકળતા બુમરાણ મચાવતા મુખ્ય મથમાં ભળતા રહે છે.

હકડેઠઠ મેદની જામતી જાય છે. થોડી જ વારમાં હાકોટા ડાકોટા કરતા મૂઠીઓ ઉગામતા બધા નીકળી પડશે થોડેક દૂર આવેલા પુલ નીચે ભેગા થઈ સભામાં ફેરવાઈ જશે. પુલ પરથી ફેંકાતા પાણીના નાના નાના ધોધ એમના નેતા બની ભાષણ ઠપકારતા રહેશે. ટ્રાફિક જામ થતો રહેશે. મુડદાલશી માનુની મોટરો ચૂપચાપ છેટી ઊભી રહી, લાચાર બની આ તમાસો જોતી રહેશે. આવા ધમાલિયા

પાણી વચ્ચે જતાં સહેજે શરમાય ને ગભરાય તો ખરી જ. મદભર્યા વારિવંટોળનું ભલું પૂછવું. ક્યાંક અડપલું પણ કરી બેસે. કોઈક વિલે મોઢે પાછી વળતી, અહીં તહીં અન્ય વાટ પકડતી. ક્યાંક કોઈ ગલીમાં ગરકી આ અલમસ્ત પાણીની નાગચૂડમાંથી છુટકારાનો પ્રયત્ન કરતી ગાભરુ થઈ ગઈ છે. આમેય એમના દિદાર, પાણીથી લથબથ થતી. ભીંજાતી ભામિની, વગર મેકઅપના વદને સાવ દમ વગરની થઈ ગઈ છે.

વરસાદ પ્રકૃતિનું એક અંગ. એને આવા દુન્યવી પ્રલાપોની શી પડી હોય ? ઘણી વાર જાણી જોઈને સતાવતો રહે. નીકળવાના ટાણે જ વરસી પડે. પહોંચ્યા પછી પોરો ખાય. મૂછમાં હસતો રહે. શહેરીજન કટાળી કવેણ ઉચ્ચારી દે તોપણ એને શી પરવા! શું બગડ્યું ! વરસાદને પોતાને શું કરવું છે એની સ્પષ્ટ રેખા મગજમાં અંકિત થયેલી હોય. તે પ્રમાણે કરે ને કોઈની પરવા ન કરે.

ખારા પાણીનો વિશાળ મહાસાગર. જમીનથી ત્રણ ગણો મોટો શા ખપનો ? નકામી આટઆટલી જમીન પચાવી બેઠો છે ! એવું વિચારાય ? મહાસાગરની અનોખી સૃષ્ટિ જોઈ સર્જનહાર પર વારી જવાય. સૂર્યતાપે વરાળ, વાદળાં ને ઠંડાં થઈ નીચે અમૃત થઈ વરસે ને તરસી વસુંધરાને તૃપ્ત કરે એ કલિયુગનો એક ચમત્કાર જ છે. જાણે કોઈ અદ્‌ભુત, અદૃશ્ય શક્તિ એ બધુ નિયંત્રિત કરતી હોય તેમ ઠરાવાયેલા સમયે વર્ષા આવી જ ચડે. એટલે જ તો આદિમાનવે એ શક્તિને પીછાણી એનો આવિષ્કાર કર્યો ને પૂજતો પણ થયો. સહજ વિચારીએ કે આખી પૃથ્વી થોડાં વર્ષ માટે વર્ષાવિહેણી થઈ જાય તો કેટલી ઊથલ પાથલ થાય ! વર્ષા જીવન છે. સૃષ્ટિ આખીના કેન્દ્રમાં જળ છે. એના અન્ય ઘટકો એટલા જ મહત્ત્વના છે. છતાં પવન ને પાણી સૌથી મહત્ત્વનાં છે.

ખેતરોમાં લહેરાતો મોલ, એનાં કણસલાં પર મુક્ત મિજબાની કરતાં પક્ષીઓ, ફળફૂલથી લચી પડતાં વૃક્ષો, અવનવી જીવસૃષ્ટિ ને પ્રાણી સૃષ્ટિ, નદીનાળાં, ધોધ સરોવર ને સમુદ્ર! કુદરતની આ લીલાને અહોભાવથી માણતા રહીએ, એ લીલામાં લગાર વિસામો લઈએ, થોડુંક આચમન કરીએ, એ લીલાને ઊની આંચ ન આવે, એ અવિરત ચાલતી જ રહે એ માટે ક્યાંય પણ હસ્તક્ષેપ કે વિક્ષેપ ન કરીએ એવું મનોમન નક્કી કરીએ તો પ્રકૃતિ ઉદાર જ છે. એ ક્યારેય સ્વાર્થી નહીં બને પ્રેમથી પીરસશે. કુદરતમય બનતાં, કુદરત સાથે સંવાદિતા રચાશે. હર્ષોઉલ્લાસથી વર્ષાની હેલી ઊપડશે ને સર્વ હૈયાંને પુલંકિત કરતી જશે.

મો. ૯૮૭૦૪ ૦૬૧૭૭

દોરો પરોવેલી સોય

ગુલાબ દેઢિયા

વાંચન એટલે શ્વાસોચ્છ્વાસ. વાંચન વગરના બહુ ઓછા દિવસો વિત્યા હશે. વાંચન એટલે નોળવેલ. ફરીફરી વાંચવા તરફ વળું છું. વાંચન હવે સ્વભાવ છે. બચપણ કચ્છના નાનકડા ગામમાં વિત્યું. ફોઈની મેડીના અવાવરું ઓરડામાં ક્યાંક પડેલી બાળવાર્તાની મોટા અક્ષરવાળી ચોપડી જોઈને અચંબો પામ્યાનું યાદ છે. લાકડાંની મેડી પર ચાલતાં ધબધબ અવાજ થતો તે હજી કાનમાં છે. અક્ષરોના મરોડ ગમી ગયા હતા. ચિત્રો પણ સુરેખ હતાં.

અમારી શાળામાં 'રમકડું' આવતું હતું. ખરા અર્થમાં બાળસામયિક. ચિત્રો, મોટા અક્ષરો અને રસભરી વાર્તાઓ. 'કપિનાં પરાક્રમો' વાંચ્યાંનું ઝાંખું સ્મરણ છે.

મારી માતા બે ગુજરાતી ભણેલાં છે, પિતાજી નિરક્ષર. માતાને વાંચવાનો અનહદ શોખ, પણ ગામડામાં વાંચવા શું મળે? ધર્મનાં પુસ્તકોનો ઊંડો અભ્યાસ. અમારા ઘરમાં જયભિખ્ખુનું 'જૈન પ્રાણીકથા' એવું કોઈ પુસ્તક ક્યાંકથી આવી ગયેલું. આડું ખૂલે એવું પુસ્તક હતું. આગળ-પાછળનાં પૂઠાં ગાયબ. એ વાંચ્યાનું, દેડકા અને ઘોડાની કથા ફરી વાંચવાનું મન છે.

ઉનાળાની પ્રલંબ નમતી બપોર, લીંબડાનો છાંયડો, ખાટલો, લીંબડાની મંજરીવર્ષા અને મુગ્ધાવસ્થા. ગામની લાઈબ્રેરીમાંથી લાવીને ર. વ. દેસાઈની 'પત્રલાલસા' નવલકથામાં ખોવાઈ ગયાનું યાદ છે.

કોઈ ચોપડી પૂરી થવા આવે ત્યારે હાશ...નો ભાવ ઓછો, પણ 'હવે શું?'નો ભાવ વધુ ઊઠતો.

મન ઉદાસ થઈ જતું. વર્તમાન પત્રોમાં આવતી ત્રણ લેખકોની કોલમો હું રસપૂર્વક વાંચતો. કવિતાનો આસ્વાદ કરાવતી હરીન્દ્ર દવેની 'કવિ અને કવિતા' કટાર. કવિતાના મર્મ તરફ જવાની એ પાઠશાળા લાગી. મને સરળ, માર્મિક અને સફાઈદાર ગદ્ય ક્યારે ગમતું થયું તે યાદ નથી, પણ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની 'ચલ મન વાટે ઘાટે' અને રસિક ઝવેરીની 'અલગારી રખડપટ્ટી' ખાસ ગમતી કટારો હતી.

પ્રસંગો, અનુભવો, જીવનચરિત્રો, આત્મકથાત્મક લખાણો વાંચવાની રુચિ વધતી ચાલી. મસ્જિદ બંદર સ્ટેશન પાસેની ફૂટપાથ પરથી 'સંસ્કૃતિ'ના જૂના અંકો ખરીદીને વાંચ્યા સ્વામી મળી ગયા. સ્વામી આનંદનો જાદુ કાયમ છે.

વાંચતાવાંચતા અટકી જાઉં છું, ખોવાઈ જાઉં છું.... શબ્દોની સુગંધ ગમવા લાગે છે. શબ્દોના મૂળ સુધી જવાનું મન થાય છે. 'શબ્દકોશ' પ્રિય થઈ પડ્યો. હજી મનમાં છે કે પાંચ-સાત જુદી જુદી કિસમના શબ્દકોષ લઈને પલાંઠી વાળીને બેસી જાઉં.

લાંબી રજાઓ હોય, ઘરે કોઈ ન હોય ત્યારે ભોંય પર પથારી પાથરી પુસ્તકો ખડકી દઉં. બસ, ચોમેર પુસ્તકોનો લહેરાતો રત્નાકર! આઠ દિવસ ઘરમાંથી બહાર પગ ન મૂકું અને ચોપડીઓ સાથે મેળાવડા ચાલ્યા કરે એવાં સપનાં જોયાં કરું છું.

મારા શાળાજીવનમાં હિન્દીની બે વાર્તાઓ હજી યાદ છે. ઝાકિર હુસેન લિખિત 'અબુખાં કી બકરી' અને ઉષા પ્રિયંવદા લિખિત 'વાપસી'. બન્ને વાર્તાઓની અસર મારા બાળક માનસે ઘણી અનુભવી હતી. મને વાંચનનો લાભ વિદ્યાર્થીકાળમાં એવો મળ્યો કે એમ.એ. ના અભ્યાસ વખતે ફાર્બસ સભાની લાઈબ્રેરીમાં સંદર્ભ સાહિત્ય વાંચવા જતો, પણ એ છોડી મનગમતું બીજું જ વાંચવા બેસી જતો.

મારી વાંચનયાત્રામાં સામયિકોનો ફાળો મોટો છે. રમકડુંથી લઈ કુમાર, સમર્પણ, નવનીત પછી નવનીત - સમર્પણ, પ્રબુદ્ધજીવન વગેરે અનેક સામયિકો રસપૂર્વક વાંચું છું. પરિચય પુસ્તિકાઓ પણ ઘણી વાંચી છે. ઉપકારકોની યાદી અધૂરી જ રહેશે.

મને વાંચનનો લાભ વિદ્યાર્થી તરીકે તો મળ્યો, પણ ખરો લાભ તો હું શિક્ષક થયો પછી મળ્યો. પાછો વિદ્યાર્થી બન્યો છું. વાંચન શ્રીકાર થઈ ગયું છે. ભણાવતાંભણાવતાં ભણ્યો, સમજ્યો. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ફરી ફરી વાંચી. 'વિલાયતની તૈયારી' પ્રકરણમાં માવજી દવેના પાત્રની વિશેષતા સમજાઈ. માતા પૂતળીબાઈની અસરકારક છાપ આ પ્રકરણમાં છે.

કચ્છી કવિ તેજની કવિતાએ મનો બરોબરનો ઘેર્યો છે. કવિ તેજ લખે છે:

'ગઈધર ચ્યાં અસીં ઈમારત નેઢુ બધબો,
સુણીને ખંઢેર ખીલી પ્યા.'

'કડિયાઓએ કહ્યું, અમે ઈમારત સાબૂત બાંધશું, તે સાંભળીને આસપાસનાં ખંડેર હસી પડ્યાં.' લાઘવ એ કચ્છી કવિતાની વિશેષતા છે.

કવિ 'મીઠી ભૂલ' નામના એક કચ્છી લઘુકાવ્યમાં લખે છે:

શરદપૂનમની રાતે,
હું પરોવવા બેઠો
સોયમાં દોરો;
ને પરોવાઈ ગયો
ચંદ્ર.

સંત કવિ મેકણદાદાએ કૃષિજીવનની વાતમાં કેવો મર્મ મૂકી દીધો છે!

'અજ અજુણી ગુજરઈ, કાલ ઉગોંધો બ્યો;
રાય જલીંધી કિતરો, જે મેં માપ પ્યો.'

આજનો દી ગયો. કાલે બીજો દિવસ આવશે. રાય (રાશિ-ખળામાં અનાજનો ઢગલો) કેટલી વાર ટકશે ? જેમાં માપ (માપિયું) પડી ગયું છે. અનાજ કાઢવાનું શરૂ થયું છે. આ બે પંક્તિઓ વાંચતાં હંમેશાં ખળાનું દૃશ્ય યાદ આવે છે. પસાર થતા સમયનું ચિત્ર યાદ આવે છે. કબીરદાસનું ચલતી ચક્કી.... યાદ આવે છે.

કવિવર ઉમાશંકર જોશી કોને ન ગમે ! મને, 'ઝરણું' બાળકાવ્ય નથી લાગ્યું. જીવનનું ઝરણું રમતુંરમતું આવે છે. 'મારગ ધોતું દૂધે' શબ્દચિત્ર પાસે તો પગ થંભી જ જાય છે. મને કવિ કરતાં ગદ્યકાર ઉ. જો. વધુ વહાલા લાગે છે. એમના નિબંધો, ચરિત્રલેખો ખૂબ ગમે છે. માણસો સાથેના સંબંધ, ભાવનાત્મક સૂક્ષ્મતા સ્પર્શી જાય છે.

'પ્રિયજન' નવલકથા કોને પ્રિય ન હોય ! એમાં અમારું કચ્છ ધબકે છે. સ્નેહની મુલાયમતા દિલ હરી લે છે. ફરીફરી વાંચતાં નવો અર્થ મળે છે. 'પરોઢ થતાં પહેલાં' (કુન્દનિકા કાપડિયા) નવલકથા વર્ષો પહેલાં વાંચેલી. એ મન પર એક અસર છોડી ગઈ છે.

'સમણસુત્તં' ગ્રંથની નજીક હું અનેક વાર ગયો છું. જૈન ધર્મનાં સૂત્રો અને સરળ અનુવાદ છે. એકએક પદ પાસે ઊભા રહેવાનું મન થાય છે.

જ્ઞાન માટે લખ્યું છે, 'જેનાથી તત્ત્વબોધ થાય, જેનાથી મન વશ થાય, જેનાથી આત્મા શુદ્ધ થાય, જેનાથી રાગ ક્ષીણ થાય, જેનાથી સત્પ્રવૃત્તિની રુચિ થાય, જેનાથી મૈત્રીભાવ વિકસે એને જ જિન શાસનમાં જ્ઞાન કહ્યું છે.' જ્ઞાન એટલે શું, જ્ઞાનની ઊંચાઈ ક્યાં સુધી જાય છે એ વિચારતાં વાંચન દ્વારા જ્ઞાન સુધી પહોંચવા ઈચ્છું છું.

આ ગ્રંથ કેવી અનુપમ સલાહ આપે છે ! 'જેમ તને દુઃખ ગમતું નથી તેમ સર્વ જીવોને પણ ગમતું નથી. સૌને પોતાના સમાન ગણીને ખૂબ આદર અને સાવધાનીથી સર્વ જીવો પર દયા રાખો'.

સોય અને દોરાનું ઉદાહરણ આપતાં લખે છેઃ 'દોરો પરોવેલી સોય પડી જાય તોય ખોવાઈ જતી નથી, તેવી જ રીતે જ્ઞાનયુક્ત આત્મા સંસારમાં ફસાઈ જવા છતાં તેમાં ખોવાઈ જતો નથી.' ઘરગથ્થુ ઉદાહરણો દ્વારા જ્ઞાનની ઉત્તમ વાતો મોહી લે છે.

વાંચનની કથા અંત વગરની છે. ચાલ્યા જ કરે. અનેક લેખકો, અનેક પુસ્તકો, બધાંએ મનને કંઈક ને કંઈક આપ્યું છે. એ વિચાર ફરીફરી આવ્યા કરે કે જે વાંચ્યું તેમાંથી ઘણું વિસ્મૃતિમાં ગયું. એ પુસ્તકો ફરી વાંચી શકું તો ? ફરી વિચારી શકું તો ?

પુસ્તકની ગંધ એ સુગંધ છે. પુસ્તકનો સ્પર્શ મનભાવન છે. પુસ્તકનું દર્શન સુદર્શન છે. પુસ્તકથી દૂર રહી કેમ શકાય ? પુસ્તકનું ઊઘડવું એ ફૂલના ખીલ્યા બરાબર, પહેલા વરસાદની મહેક બરાબર, પ્રભાતે પૂર્વની બારી ખોલ્યા બરાબર છે ને !

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

દાન

✻ CA સંજય વિસનજી છેડા ✻

થોડા સમય અગાઉ વૉટ્સ ઍપ પર એક ફોરવર્ડ મેસેજ વાંચ્યો જેમાં આખા વિશ્વમાં સૌથી દાનવીર તરીકે ટાટા ગ્રુપનું નામ વાંચ્યું અને ગર્વ અનુભવ્યો અને વિચાર્યું કે આ વેળા, પગદંડીમાં દાન વિષે થોડીક વિચારોની આપ - લે કરીએ.

દાન એટલે શું ?

દાન એટલે આપણી પાસે જે પણ છે, એના દ્વારા અન્ય વ્યક્તિને સુખ, શાતા, સહાયતા, સગવડ આપવાનો નાનકડો પ્રયત્ન. દાન એટલે આપણાં એ મિત્રો, એ બંધુ, ભગિનીઓ, જે આપણી કક્ષા પર નથી, એમને આપણી કક્ષા સુધી લઈ આવવા લંબાતો હાથ. પુરાણોમાં કહેવાયું છે એ રીતે, સાચું દાન એટલે પોતાની ફરજ સમજીને, કોઈ પણ જાતની અપેક્ષા વિના કરવામાં આવતું દાન. તમારા દાનના બદલામાં સામેવાળી વ્યક્તિ તમારા માટે કંઈ પણ ન કરી શકે અને છતાં અપાતું દાન એ જ સાચું દાન.

દાનના પ્રકાર

સતયુગથી લઈને કળિયુગ સુધીમાં દાનનાં સ્વરૂપ, પ્રકાર તેમ જ વ્યાખ્યાઓ બદલાતી રહી છે. દાનની સૌથી સીધી સમજ અને સૌથી સરળ પ્રકાર એટલે ધન-સંપત્તિનું, દ્રવ્યનું દાન. કોઈની પાસે ધન-સંપત્તિ ન હોય, પણ જ્ઞાન હોય તો એ જ્ઞાનનું દાન આપે. કોઈ આર્થિક અને બૌદ્ધિક બન્ને રીતે નબળો માણસ હોય એ કદાચ શ્રમદાન કરી શકે. સમય જતાં નવા આવિષ્કારો, નવી શોધખોળ સાથે રક્તદાન, નેત્રદાન, અવયવદાન, ત્વચાદાન, વગેરે થકી માનવીને કેટલાય નવા પ્રકારનાં દાન કરવાનો મોકો મળ્યો.

દાન શા માટે

દાન હંમેશાં સમાજ વ્યવસ્થાનું એક અવિભાજ્ય અંગ રહ્યું છે. દાનને ધર્મનો આધાર સ્તંભ પણ કહેવામાં આવે છે. કોઈ ફરજ સમજીને કરે તો કોઈ ધર્મ સમજીને. દાન દ્વારા ''Have'' અને ''Have Not'' વચ્ચેનો એક સેતુ સદીઓથી અકબંધ રહ્યો છે. મોટા ભાગના ધર્મગ્રંથોમાં, શાસ્ત્રોમાં આપણને સૌને એ જ સમજાવવામાં આવ્યું છે કે ધન, સંપત્તિ, દ્રવ્ય અને આવી આપી શકાય એવી દરેક વસ્તુના આપણે માત્ર ટ્રસ્ટી છીએ. જો સારી રીતે વાપરી શકો તો માલિક ગણાશો અને જો એમ જ મૂકી ગયા તો ચોકીદાર પણ ગણાશો નહીં.

દાન આપવાના ફાયદા

૧. દાન એટલે ઈશ્વરનું ઋણ ચુકાવવાની તક.
દાન એટલે પોતાના ભાંડુઓ, પોતાના

સમાજ, પોતાના દેશ અને સમગ્ર વિશ્વ પાસેથી જે પણ મેળવ્યું છે, એ સવાયું, દોઢું, કે બમણું કરી પાછું આપવાની ભાવના.

૨. સમગ્ર વિશ્વમાં ફેલાયેલી અસમાનતાને સમતલ કરવાની એક તક એટલે દાન. પછી એ અસમાનતા ધનની હોય, જ્ઞાનની હોય, સારવારની હોય કે અન્ય કોઈ, પણ ઈશ્વરની રચેલી આ દુનિયાને થોડીક વધુ સુંદર બનાવવાનો મોકો એટલે દાન.

૩. દાન તમને માનસિક સમૃદ્ધિ આપે છે. કેટલાય રિસર્ચ રિપોર્ટમાં એવું સાબિત થયું કે, ''કંઈક આપવાનો આનંદ અદ્ભુત, અવિસ્મરણીય, અદ્વિતીય હોય છે.'' તમારાં બાકી દુઃખો, તકલીફો કદાચ ઓછા ન થઈ શકે, પણ આપવાનો જે અહોભાવ મનમાં જાગે, એ માણસની કેટલીય વિષમતાઓને ગૌણ કરી નાખે.

વળી એવું પણ કહેવામાં આવે છે કે જે કૂવામાંથી લોકો પાણી પીતા હોય, એ કૂવો કદી સુકાતો નથી. બસ એવું જ દાન વિષે કહેવામાં આવે છે, કે જે વ્યક્તિ પોતાની પાસે રહેલાં સાધન-સંપત્તિ, અન્ય માટે ખર્ચી જાણે, ઈશ્વર પણ એના ધનના ભંડારને અક્ષયપાત્રની જેમ કદી ખાલી ન થવા દે.

દાનથી થતાં નુકસાન

૧. દાનનો એક ગેરફાયદો એટલે દાન લેનારની બગડતી મનોવૃત્તિ. લાંબા ગાળે, જો કોઈ વ્યક્તિ માત્ર દાન પર અવલંબિત રહે અને શક્તિમાન હોવા છતાં પ્રયાસ કરવાના બંધ કરી દે, તો એક મોટો ગેરફાયદો. દાન લેનાર જરૂરિયાતમંદ હોય ત્યાં સુધી ઠીક છે, પણ એ પોતાની ખુમારી ભૂલી, કામ, ધંધો, મહેનત ભૂલી, માત્ર માંગનાર ન બની જાય, એ એક મોટી સમસ્યા છે.

૨. જમણા હાથથી આપો તો ડાબા હાથને પણ જાણ ન થવી જોઈએ એવા યુગોથી ચાલ્યો આવતો સુવર્ણ સંદેશ આજે ભૂલાતો જઈ રહ્યો છે, ''નેકી કર ઔર દરિયામેં ડાલ''ને બદલે આજની પેઢી, ''કુછ ભી કર, સોશિયલ મીડિયા પે ડાલ''માં માને છે. નામ, તકતીઓ અને વાહવાહિની ઘેલછામાં ક્યારેક દાનનો શુદ્ધ ભાવ કચડાઇ જતો હોય છે.

હા, તમે દાન કરો અને તમારા દાનની જાણ કરવાથી અન્યોને દાન કરવાની પ્રેરણા મળે, એ વાત સારી છે, પણ દરેક વસ્તુની એક મર્યાદા હોય. એક મર્યાદા પછી દરેક વસ્તુ ખરાબ કહેવાય.

દાન વિષે જરૂરી કેટલાક મુદ્દા :

૧ તમારી છેલ્લી ઘડીમાં તમે જે બૅન્ક બેલેન્સ મૂકી જાઓ છો, એ બૅન્ક બેલેન્સ, એ ઓવરટાઈમ છે જે તમારે કરવાની જરૂર નહોતી અને એટલે જ તમારી મહેનત,

તમે વેડફેલો ઓવરટાઈમ ગણાય એ પહેલાં એ ધનને સત્કર્મોમાં ખર્ચી જાણો.

૨. દાન આપતી વખતે ક્યારેય પણ લેનારની આંખમાં ન જુઓ. લેનાર લઈ રહ્યો છે, એ એની મજબૂરી છે. લેનારની ખુમારી, સ્વમાનને જરા પણ ઠેસ ન પહોંચે એનું ધ્યાન રાખો તેમ જ દાન આપતી વેળા ગર્વ પણ ન લો. તમે જે સંપત્તિના ટ્રસ્ટી માત્ર છો, એને વહેચવામાં ગર્વ શું ? દાનનાં દર્શન હોય, પ્રદર્શન નહીં.

૩. એકવાર મોટું દાન આપીને પછી હાથ ખંખેરી નાખવાને બદલે નાનાં નાનાં દાન નિયમિતપણે કરતાં રહો. શક્ય હોય તો દર મહિનાની આવકના ચોક્કસ ટકા વારી દાન ખાતે જ વાપરવા એવો નિયમ લઈ લો. વળી એક જ સંસ્થામાં મસમોટી રકમ લખાવવાના બદલે થોડી નાની નાની રકમ વિવિધ સંસ્થાઓમાં લખાવો તો કદાચ તમારી સદ્ભાવના વધુ ને વધુ લોકો સુધી પહોંચી શકે.

૪. કોઈ સંસ્થા કે ટ્રસ્ટમાં રકમ નોંધાવતાં પહેલાં તમારાં ભાઈ, ભગિની, સગાં, વહાલાં, પડોશી જો કોઈ ખેંચમાં હોય તો એમના સ્વમાનને ઠેસ પહોંચાડ્યા સિવાય મદદ થઈ શકે તો કરો.

૫. દાન એવી જગ્યાએ આપો જ્યાં એ ધનનો સંગ્રહ ન થતો હોય. તમારા આપેલા દાનનો જો સદુપયોગ ન થાય તો એ પણ એક જાતનો દુરુપયોગ છે. વળી જે સંસ્થાઓના જાહેરાતોના, વહીવટી ખર્ચ વધુ પડતા હોય, ત્યાં પણ સમજી વિચારીને દાન આપો.

૬. એકવાર દાન લખાવો એટલે એ ધન તમારું મટીને તમારી જવાબદારી બની જાય, એટલે લખાવેલું દાન જેમ બને એમ જલદી પહોંચતું કરો.

૭. આજના સમયમાં દાન લેનાર કાં તો સુપાત્ર છે અનો કાં તો તમારી ભલમનસાઈનો ગેરફાયદો ઉઠાવનાર કોઈ સ્વાર્થી. એટલે તમારું દાન સુપાત્રને જાય છે કે નહીં, એ એકવાર જોવું જરૂરી. પણ દર વખતે લેનાર વ્યક્તિ કેવી છે, દાન લઈને શું કરશે, વગેરેમાં બહુ ઊંડા ઊતરશો તો દાન નહીં કરી શકો.

૮. અત્યારે તકલીફ છે, હાથ તંગ છે, હજી સમય આવ્યો નથી એમ કહી દાનને ટાળશો નહીં. જેટલી શક્તિ હોય, જેટલું સામર્થ્ય હોય, એટલું દાન કરો પણ દાન શરૂ કરો. ધનથી ન થાય તો તનથી, તનથી પણ ન થાય તો મનથી, આ ભાવના તો બાંધી જ લો કે મારે ઈશનું આપેલું બધું જ વ્યાજ સહિત પાછું આપીને જવું છે.

૯. કોઈ કારણવશ તમે આપવાને સમર્થ નથી તો કંઈ વાંધો નહીં. આપનાર અને જરૂરિયાતમંદ વ્યક્તિ વચ્ચેનો સંપર્કસેતુ બની જુઓ. કોઈ એવી સંસ્થામાં તમારો સમય ફાળવી આંગળી ચિંધ્યાનું પુણ્ય કમાવી લો.

૧૦. દાન એટલે માત્ર ધનની જ વાત નથી. શ્રમદાન, જ્ઞાનદાન, રક્તદાન, અવયવદાન. જો આપવાની ભાવના હોય તો કેટલાય રસ્તા ખૂલી જશે. (હું રેગ્યુલર રક્તદાતા, પેટેલેટ દાતા છું અને કેટકેટલી રક્તદાન શિબિરમાં, જે લોકો સ્વયં રક્તદાન નથી કરી શકતા, એમને મેં અન્ય રક્તદાતાઓની સેવામાં મગ્ન જોયા છે. એમની આ સેવામાં મેં એમને રક્તદાન જેટલો જ આનંદ માણતા જોયા છે). મારા કેટલાય મિત્રોને મેં વર્ષોથી કોઈ પણ ઋતુ. ગમે એવા સંજોગોમાં (પૂરા ૩૬૫ દિવસ) ખીચડીઘરમાં સેવા આપતા જોયા છે. કેટલાય ઑટોરિક્ષા, હાથરિક્ષાવાળાના કિસ્સા આપણે વાંચીએ છીએ જેઓ ધનથી કંઈ નથી કરી શકતા તો શ્રમદાન માટે અમુક દિવસ, અમુક સમય માત્ર જરૂરિયાતમંદ લોકોને નિશુલ્ક મુસાફરી કરાવે છે. (નાના ફેરિયાઓને, એમની મજબૂરી જોઈ, નકામા ભાવ ન કસાવે, એ પણ એક દાન જ છે)

૧૧. આ દાનનો સદ્‌ગુણ તમારાં સંતાનોને પણ સમજાવો. તમે શરૂ કરેલાં આ સત્કર્મો તમારા પછી અટકી ન જાય, એ માટે એમને પણ આ સદકાર્યો, આ સેવાયજ્ઞમાં વહેલી તકે સાંકળી લો. આ દાનનો મહિમા તમારી આસપાસ વહેતો કરો. તમારા મિત્રો, જ્ઞાતિજનો, આડોશી, પડોશી, દરેકને નાનાં મોટાં દાન કરવા પ્રેરો અને એમને નિયમિતપણે આ તક લેવા પ્રોત્સાહિત કરતાં રહો. (હા, કોઈને એની યથાશક્તિથી વધારે ખેંચો નહીં.)

૧૨. જો ક્યારેક એવું લાગે કે દાનનો દુરુપયોગ થઈ શકે છે, તો અન્ન કે ચીજ-વસ્તુનું દાન કરો. એક અગ્રણી ઍડવોકેટની કારના બધા દરવાજામાં મેં ગલુકોઝ બિસ્કિટનાં પેકેટ ઠાંસીઠાંસીને ભરેલાં જોયાં છે. કારણ માત્ર એટલું કે કોઈ પેટ પર હાથ રાખી હાથ લાંબો કરે તો એને સહાય કરવામાં એક ક્ષણનો પણ વિલંબ ન થાય.

૧૩. થોડીક વાતો દાન લેનાર માટે પણ. જો તમે જરૂરિયાતમંદ નથી તો દાન, મદદ, સહાય ન લો. તમારી આ સ્વાર્થી વૃત્તિને કારણે કોઈ સાચી જરૂરિયાતમંદ વ્યક્તિ કદાચ આ દાનથી વંચિત રહી જશે. જો તમે જરૂરિયાતમંદ છો અને મજબૂરીમાં આ સહાય લેવી પડે છે તો, પોતાની જાતને એ કમિટમેન્ટ આપો કે મળી રહેલ રકમ ભલે સહાય છે, પણ જે દિવસે મારા દિવસ બદલાશે, મારે આ રકમ વ્યાજ સહિત સમાજને, આ વિશ્વને પાછી આપવી છે.

૧૪. તમારા ખરાબ સમયમાં કોઈએ તમને મદદ કરી હોય, જરૂરી નથી કે એ ઋણ વાળવા માટે તમે એ જ વ્યક્તિના ખરાબ સમયની રાહ જુઓ. શક્ય છે, તમને મદદ કરનારના જીવનમાં કદી નબળી ક્ષણ, ખરાબ સમય આવે જ નહીં. તમને કોઈ એકે મદદ કરી હશે તમે અન્ય કોઈને મદદ કરો. જરૂરી એટલું જ છે કે આ દાનની

સરિતા વહેતી રહે, ક્યાંય અટકે નહીં.

૧૫. અને છેલ્લે.

સદીઓમાં નથી આવી, એવી આ મહામારી, આ લોકડાઉને આપણને ઘણા પાઠ ભણાવ્યા છે. એમાંનો એક પાઠ એટલે આવા કપરા સમયમાં શું કામ આવ્યું છે. માનવતાનાં મંદિરો. એટલે જે પણ દાન કરવાના હો, એના અમુક ટકાવારી સ્કૂલ, કૉલેજ, હૉસ્પિટલ, મેડિકલ સેન્ટર, ટેસ્ટિંગ લૅબ, હેલ્થ સેન્ટર, કોરોન્ટાઈન સેન્ટર, અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, આરોગ્ય સંકુલમાં ચોક્કસ નોંધાવો. જ્યારે તમારું પોતાનું લોહી PPE કીટ પહેરીને પણ તમને પાણીનો એક પ્યાલો નથી આપી શક્યું, ત્યારે આ માનવતાનાં મંદિરો જ સૌની વહારે આવ્યાં છે. એટલે આ જ સુધી ભલે તમારા દાનના લિસ્ટમાં આ બધાં માનવમંદિર નહોતાં, પણ હવે એ તરફ પણ થોડુંક દાન વધારો.

જેટલી જરૂર અમૂલ્ય ધાતુના, રત્નોના કળશ, ઝુમ્મર, છત્ર અને સિંહાસનની છે, એનાથી ઓછી નહીં તો ભલે, પણ એટલી જ જરૂર વ્હીલચૅર, વૉટરબૅડ, ઑક્સિજન કોન્સન્ટ્રેટર અને વેન્ટિલેટરની પણ છે (થોડામાં ઝાઝું સમજ જો)

રતાડિયા ગણેશવાલા

મો. : ૯૮૯૨૮ ૧૫૩૬૭

મુલચંદ લાલજી એન્ડ કં.

MULCHAND LALJI & CO.

Importers & Wholesale Dealers in:

One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper

Admn. Office : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

Phone: (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

Email : info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

સિટી ઓફ જોય કોલકાતા

જ્યોતિ મોતા

ગતાંકથી શરૂ

તા. ૨-૧-૨૦૧૯ ફરી એકવાર ફોન રણકી ઊઠ્યો. ''આપ તો ખુશિયોં કે શહેર મેં પહોંચને વાલી હૈ. સ્વાગત હૈં આપકા. બતાઇએ આપ કહાઁ રુકને વાલી હૈ? ઔર હમ કબ મીલ સકતે હૈ?''

''કિશનભાઈ, ધન્યવાદ આપકા. આપ કે ખુશિયોં કે શહર મેં કદમ તો રખને દિજીયે. બાદ મેં બતા દેતેં હૈં સબ કુછ.''

મારા કરતાં વધુ ઉત્સુક મારા ધુમક્કડી મિત્ર કિશન બાહેતી હતા. આ શુભ શરૂઆત હતી. જોઈએ, આગળ આ શહેર કેટલી અને કેવી ખુશી આપી શકે છે?

અમારા ગામના શાંતિભાઈ કોલકાતા આવી વસ્યા હતા. ગુરુદેવે મને એમના નંબર આપ્યા હતા. મારી વાત બે દિવસ પહેલાં એમની સાથે થઈ ગઈ હતી અને એમણે મને કચ્છી ભવનના મૅનેજરના નંબર આપેલ હતા. મારે યાત્રિક ભવન પહોંચ્યા પહેલાં એમને ફોન કરવાનો હતો. ઇઝરા સ્ટ્રીટ, બારા બજાર, પોદ્દાર કોર્ટની પાસે આ કચ્છી ભવન આવેલું છે. અહીં સુધી આવવા માટે ટૅક્સી કે રિક્ષા શું પકડવું અને યાત્રિક ભવનની નજીક કયો લૅન્ડમાર્ક છે તે પુછવા મેં મૅનેજરને ફોન કર્યો, પણ એમની પાસેથી કોઈ સંતોષજનક જવાબ ન મળ્યો. રેલવે સ્ટેશનની બહાર આવતાં જ જાણે મુંબઈ જેવા મેટ્રોપોલિટન સિટીમાં પટકાઈ ન ગઈ હોઉં! એવો અનુભવ થયો. ટ્રાફિક અને લોકોની ભરમાર જોઇ મૂંઝાવા લાગી. અઢી મહિના પછી કોઈ મહાનગરમાં પગ મૂક્યો હતો. મારે જ્યાં જવું છે ત્યાં જવા ટૅક્સી ક્યાંથી લેવી તે માટે મેં ટ્રાફિક પોલીસની મદદ લીધી. એણે આંગળી ચીંધી. તે તરફ જોઇ હું સમજી ગઈ કે મારે પ્રીપેડ ટૅક્સી કરવી પડશે.

મોટા રસ્તાની બંને બાજુ ટ્રાફિક અને વચ્ચેના ભાગમાં ચાર લાંબી કતારો સામાન સાથે ટ્રાફિકવાળો રોડ પાર કરવા ઘણી મશક્કત કરવી પડી. આ ચાર કતારમાં મારે કઇ કતારમાં ઊભા રહેવું એ પ્રશ્ન હતો? કોઈ એક કતારમાં ઊભા રહી સામાનનો વારંવાર ખસોડતી ટિકિટબારી સુધી પહોંચી. ઇઝરા સ્ટ્રીટ જે અહીંથી ચાર કિલોમીટર દૂર હતી, ત્યાં જવા ૧૧૬ રૂપિયાનો ચાંદલો કર્યો. ટિકિટ ઉપર ટૅક્સી નંબર લખેલ હતો. એક ટૅક્સીમાં ચાર જણ જઈ શકે જો તમારી સાથે કોઈ હોય તો, નહીં તો પૂરી ટૅક્સીનું ભાડું એકલાએ ચૂકવવું પડે. પહેલા ટ્રેન, પછી ટૅક્સીનો કડવો અનુભવ થયો. આ શરૂઆત હતી કે અંત?

પીળી ટૅક્સી :- સ્ટેશનની બહાર નીકળતાં પીળી ટૅક્સી જોઈ હું રોમાંચિત થઈ ગઈ. જેના વિશે ઘણુંબધું સાંભળ્યું હતું તે અહીં પગ મૂકતાંની સાથે સામે જોવા મળી. હું મારા ગંતવ્યે પણ પીળી ટૅક્સીમાં જઇશ એનો આનંદ ઉમેરાયો. મારી ટિકિટ પર ટૅક્સીના નંબર લખ્યા હતા તે ટૅક્સી આવી. કોલકાતામાં પગ મૂક્તાંની સાથે જ આખી પીળી ટૅક્સીમાં હું એકલી ઠાઠથી બેઠી! ટિકિટ પર લખેલ ઠેકાણું ગૂગલ મેપ પર નાખી ટૅક્સી ડ્રાઈવર આગળ ચાલ્યો. મારી ટૅક્સી હવે અહીંના પ્રખ્યાત હાવડા બ્રિજથી પસાર થઇ રહી હતી. હું આ બ્રિજને જોઈ અંજાઈ ગઈ. નાના હતા ત્યારે શાળામાં કોલકાતા શહેર અને હાવડા બ્રિજ વિશે થોડુંક વાંચેલું. પણ તે તો હવે તદન ભુલાઈ ગયું હતું. આવતાંની સાથે જ પીળી ટૅક્સીની સવારી અને હાવડા બ્રિજનાં દર્શન કરીને મારા પૈસા જાણે વસૂલ થઈ ગયા હોય એવું લાગ્યું. કોલકાતાના રસ્તા પર હજારો વાહનોની વચ્ચે કંઈક અલગ નજરે ચડે તો તે હતી પીળી ટૅક્સી! આ ટૅક્સી પૂરી પીળી હોય છે. આ રાજદૂત એમ્બેસેડર પ્રકારની ગાડી હતી જે હવે જોવા નથી મળતી. આ ટૅક્સીની પહેલી શરૂઆત કોલકાતામાં ૧૯૬૨માં થઈ. વિદેશી કાર ભારતમાં આવ્યા બાદ આની કિંમત અને ઉપયોગ ઘટતાં ગયાં. હવે આ ટૅક્સીનું ભવિષ્ય બિલકુલ ધૂંધળું છે અને બંધ થવાની કગાર પર છે. ''બીબીસી ઑટો મોબાઇલ્સ શો'' મા કોલકાતાની ''રાજદૂત'' પીળી ટૅક્સી ને દુનિયાની સર્વશ્રેષ્ઠ ટૅક્સી ઘોષિત કરવામાં આવી છે. આ ટૅક્સીની અને હાવડા બ્રિજની ઘણી રોચક વાતો છે, પણ આજે આટલું જ, ટૅક્સીમાં બેસીને હાવડા બ્રિજ પરથી પસાર થઈ ને મેં જાણે મારા પૈસા વસૂલ કરી લીધા.

હાવડા બ્રિજ:-ભૂગોળનાં પાનાંઓમાં વાંચ્યું હતું કે દુનિયાનો અનોખો સસ્પેન્સન પુલ હુગલી (ગંગા) નદી પર બનેલ છે. ૧૯૩૬માં હુગલી નદી પર લાંબો તરતો પુલ બનાવવામાં આવ્યો. આ પુલનું નિર્માણકાર્ય ૧૯૪૨માં પૂરું થયું. ૩ ફેબ્રુઆરી, ૧૯૪૩માં એને જનતા માટે ખોલી દેવામાં આવ્યો. આજે આ પુલને ૭૬ વર્ષ પુરા થયા. ટૅક્સીના ડ્રાઇવરે આ પુલની ટેક્નિકલ જાણકારી આપી. આ પુલની અજાયબી એ છે કે આ પુલને કોઈ સ્તંભ નથી. નદીના બન્ને કિનારે બે તોતિંગ થાંભલા પર આ પુલ લટકી રહ્યો છે. પોણો કિલોમીટર લાંબા આ પુલ પર હજારો ટનના તોતિંગ થાંભલાઓનું જાળું લટકે છે. એના નીચલા માળે રોડ છે, જેના પર ટ્રાફિક દોડે છે. રોડની નીચે વિનાઅવરોધ મોટીમોટી હોડીઓ અને સ્ટીમર પસાર થાય છે એક પણ થાંભલાના અવરોધ વગર! પુલ ઉપરથી વહેતી નદી અને તરતાં જહાજો જોવાનો પણ એક લહાવો છે. ૧૪ જૂન ૧૯૬૫માં આ નવા હાવડા પુલને ''રવિન્દ્ર સેતુ'' નામ આપવામાં આવ્યું.

ડ્રાઇવર પાસેથી આ પુલની મજાની વાતો સાંભળતી હું પહોંચી મારા ગંતવ્યે, પોદ્દાર કોર્ટ વિસ્તારમાં, જે કોલકાતાનો સૌથી વિકસિત અને ધમધમતો વિસ્તાર છે. કોલકાતાની ખુશ્બુ અને લહેજાની લહર

મહેસૂસ થઇ રહી હતી. ઘણા મહિનાઓ બાદ મુંબઈમાં હોઉં એવી લાગણી થઇ આવી. હું ફોર્ટ વિસ્તાર કે પછી ભૂલેશ્વરની ગલીઓમાં આવી ગઇ હોઉં એવો અહેસાસ થયો.

કોલકાતા એટલે ભારતીય સંસ્કૃતિની રાજધાની, સરઘસો અને મહેલોનું શહેર, ક્રાંતિવીરો, સમાજસુધારકો, ઇતિહાસકારો અને ઉસ્તાદોની ભૂમિ, અંગ્રેજોની છાંટ સાચવી બેઠેલું શહેર.

મારું ઠેકાણું હતું કચ્છી ભવન, ઇઝરા સ્ટ્રીટ, ટૅક્સીવાળાએ તો મને ઘણી આગળ છોડી દીધી હતી. અહીંની ભૂલી જવાય એવી ગલીઓમાંથી રસ્તો શોધતી હું પહોંચી કચ્છી ભવન. મૅનેજરે મને માર્ગદર્શન કર્યું હોત તો આવતાંની સાથે આટલી હાલાકી ન ભોગવવી પડત. સામાન બહાર મૂકી કાર્યાલયમાં ગઈ. ત્યાંના મૅનેજર ગુજરાતી ભાઈ હતા તેમને મળી. શાંતિભાઈની એમની સાથે મારા આવવા બાબત વાત થઈ ગઇ હતી એટલે એમણે મને ઉપરના માળે એક રૂમ ખોલી આપી. મારી પાસેથી ભાડા પેટે એમણે ૬૦૦ રૂપિયા લીધા. પહેલા તો થયું કે બે દિવસના ઍડવાન્સ લઇ લીધા હશે? સામાન લઈ ઉપર પહોંચી. નાનકડો, સાદો રૂમ, ટૉઈલેટ બાથરૂમ પણ રૂમની બહાર હતાં. આવા રૂમનું એક દિવસનું ભાડું ૬૦૦ રૂપિયા હોય તો તે મને ના પોસાય. સામાન મૂકી નીચે જઈ ભાડા બાબત ખુલાસો કર્યો તો ખબર પડી ૬૦૦ રૂપિયા એક દિવસનું ભાડું છે! મારે અહીં ત્રણ દિવસ રોકાવું હોય તો ૧૮૦૦ રૂપિયા ફક્ત સામાન મૂકવા અને સૂવાના ચૂકવાવા પડે, જે મારા માટે ઘણાં કહેવાય. આ બાબત મૅનેજર સાથે વાત કરતા એણે મારી સાથી લુખ્ખો વ્યવહાર કર્યો. આ બાબત મેં તરત શાંતિભાઈ સાથે વાત કરી અને કહીં દીધું કે હું આવતી કાલે બીજી જગ્યા શોધી અને ત્યાં રહેવા જતી રહીશ. એમણે મને હમણાં પૈસા ન ચૂકવવાની વાત કરી. પણ મેં તો પૈસા આપી દીધેલા. શાંતિભાઈએ મૅનેજર સાથે વાત કરી. હવે એમનો વ્યવહાર મારા માટે તદ્દન બદલાઈ ગયો અને પૈસા પણ પાછા આપ્યા.

નવા વર્ષની પહેલી રાત અને બીજા દિવસનો આ મારો બીજો કડવો અનુભવ થયો, પણ હું મારો દિવસ બગાડવા નહોતી માગતી. હું નહાઈ-ધોઈ, તરોતાજા થઈ નીચે ઈતરી. રાત પડ્યા પહેલાં મારે રહેવા બીજી જગ્યા શોધી લેવી જોઈએ, વહેલી સવારે કે રાત્રે આ નવા શહેરમાં જગ્યા માટે હું પાછી ક્યાં ભટકું? એવું વિચારી પર્યટક સ્થળો પછી. જોઈ લઇશ પહેલા રહેવાની જગ્યા શોધવી, એ માટે મેં કિશનજીને ફોન કર્યો. તેઓ મને દસ મિનિટમાં મળે છે એવું જણાવ્યું. એ આવે ત્યાં સુધી મેં બીજા નંબર જોડ્યા અને નિમિશભાઈનો સંપર્ક કર્યો. હમણાં હું જ્યાં હતી તેની આસપાસ બીજી કોઈ જગ્યા રહેવા માટે હોય તો બતાવે એમ કહ્યું. એમણે મને ભવાનીપુરા, શીતલનાથ જિનાલય પાસેની એક ધર્મશાળાની વાત કરી. મેં ઠેકાણું નોંધી લીધું. નિમિશભાઈના નંબર ગુરુદેવે આપેલ હતા.

ક્રમશઃ

મો. : ૯૯૩૦૫૦૮૪૦૭

સાહિત્ય-અમૃત

આલેખન : ચંદ્રકાન્ત નંદુ

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે આપવામાં આવેલ છે.

પુસ્તક	:	દેવોની ઘાટી
લેખક	:	ભોળાભાઈ પટેલ
પ્રકાશક	:	આર. આર. શેઠની કંપની - મુંબઈ/અમદાવાદ
પ્રકાશન વર્ષ	:	૧૯૯૩ (બીજી આવૃત્તિ) - [૧૯૮૯ (પ્રથમ આવૃત્તિ)]

ગતાંકના લેખના સમાપન વખતે કહ્યું હતું: ''હવે પછી.... હમ્પીનું ખંડિત સૌંદર્ય.'' તે વખતે હમ્પીનાં ખંડેરોનું-એ ભગ્નાવશેષોનું એક અલગ ચિત્ર મનઃચક્ષુ સમક્ષ હતું, પરંતુ આ ખંડેરોની શબ્દયાત્રા કરતાં જે અનુભવ્યું તે સૌંદર્યનું એક અલગ જ સ્વરૂપ છે. સૌંદર્યની વિભાવના પ્રસન્નકર્તા હોય પરંતુ આ ખંડેરોની શબ્દયાત્રા કરી ત્યારે મન ખિન્ન થઈ ગયું. માઈલોના વિસ્તીર્ણ વિસ્તારમાં સૌંદર્ય શતશત ખંડિત થયેલું, વેરાયલું પડ્યું છે. વેરવિખેર થયેલા આ ખંડિત અવશેષોમાં હજીયે ક્યારેક આવતો ડૂસકાંઓનો ધ્વનિ હચમચાવી દે છે અને અહીં-તહીં પડેલા પથ્થરોમાં અશ્રુકણોની ભીનાશ હજીયે વર્તાઈ રહી છે. આ ખંડેરોનું ભગ્નસૌંદર્ય પ્રસન્નકર્તા નથી રહ્યું. અવસાદમય છે આ સૌંદર્ય!

હમ્પી એટલે રામાયણકાળનું કિષ્કિન્ધા. આ એ વિસ્તાર છે જ્યાં જાનકીની શોધમાં રામ, લક્ષ્મણ અને હનુમાન - સુગ્રીવને મળ્યા હતા. આ એ પ્રદેશ છે જ્યાં રામે વાલીનો વધ કર્યો હતો. અહીં જ નજીક છે પંપા સરોવર.

હમ્પીની વાત કરતાં આપણે ઈતિહાસને ખંખોડવો પડશે. એક વખતનું સમૃદ્ધ વિજયનગર એટલે હમ્પી.

ઈતિહાસમાં આપણે વિજયનગર હિન્દુ રાજ્ય વિષે ભણી ગયા છીએ. વિજયનગરનું સામ્રાજ્ય ચૌદમી સદીથી લગભગ બે સૈકાથીય વધારે સમય સુધી હિન્દુ સંસ્કૃતિ અને સભ્યતાનું કેન્દ્ર બની ગયું. વિદ્યાચરણસ્વામી જેવાની પ્રેરણાથી તે સંગીત, સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્યની પ્રવૃત્તિઓ અને બીજી બાજુ સંસ્કૃત વિદ્યા અને દર્શનની પ્રવૃત્તિઓથી ગાજતું રહ્યું. વિજયનગરના આ રાજવીઓએ માત્ર લડાઈની જ નહિ, ખેતીવાડી અને સિંચાઈની

પણ નવી શોધો કરી હતી. આ વિજયનગરમાં કૃષ્ણ, વિઠ્ઠલ અને રામની પૂજા પણ થતી; પણ સૌથી મુખ્ય તો તે વિરૂપાક્ષ શિવની, એમની ભાષામાં તિરૂવંગનાથ અર્થાત્ વેંકટેશ્વર.

અને પંચરંગી પ્રજાને સમાવિષ્ટ કરતું વિજયનગર એક સમૃદ્ધ નગર બની ગયું. દેવરાય અને કૃષ્ણદેવરાય જેવા વિચક્ષણ રાજવીઓએ એને સમૃદ્ધિના શિખરે પહોંચાડ્યું, પરંતુ દક્ષિણનાં રાજ્યોની આંતરિક લડાઈઓએ આ સમૃદ્ધ હિન્દુ રાજ્યને પતનની ગર્તામાં ધકેલ્યું.

દક્ષિણનાં મુસ્લિમ રાજ્યોએ ભેગાં મળી આ હિન્દુ રાજ્ય સામે યુદ્ધ આદર્યું અને ૧૫૬૫ની ઈતિહાસ પ્રસિદ્ધ લડાઈમાં વિજયનગરને હરાવ્યું. હાર થતાં રાજા દક્ષિણ તરફ ભાગી છૂટ્યો. અને પછી.....

વિજેતા મુસ્લિમ રાજ્યોએ છ મહિના સુધી નૃશંસ રીતે આ નગરને બાળ્યું, લૂંટ્યું, તોડ્યું.

વિજયનગર ફરી બેઠું થયું નહિ. આજે ઓળખાય છે હમ્પીનાં ખંડેરો રૂપે. મધ્યકાલીન ઈતિહાસની કરુણ દાસ્તાં.

હમ્પીનાં આ ખંડેરોમાં હજુ એના સમૃદ્ધ ભૂતકાળની ઝાંખી ક્યાંક, ક્યારેક થાય છે. ખંડેરોનું આ વિસાદમય સૌંદર્ય એક નિશ્વાસ બનીને પછી મૌન ધારણ કરી લે છે. લેખકનું ઉદ્વિગ્ન મન કહે છે:

એક વિધ્વસ્ત નગરનાં માઈલોમાં વિસ્તરેલાં ખંડેરો જોયાં પછી મનમાં એક ઉદ્વેગ-ઍંગોની જાગી છે. એક સમયનું ભવ્ય અને ભરપૂર નગર આમ વેરણછેરણ થઈને કેવું તો પડ્યું છે! દક્ષિણ ભારતના ઇતિહાસનું એક અતિ ઉજ્જવળ પ્રકરણ, કેવું તો અંધકાર આવિષ્ટ થઈ ગયું છે! ફરી એક વાર એની ઉજ્જવળતાનો અંશ ઉદ્ભાસિત કરવાના પુરાતત્ત્વ ખાતા દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે. કર્ણાટક સરકાર દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે, પણ એ ઉદ્ભાસ ખંડેરોની ભગ્ન દીવાલો અને ઢગલો થઈ પડેલાં મહાલયો અને મંદિરો તથા મૂર્તિઓમાંથી જ પામવાનો રહે છે. બાજુમાં વહી જાય છે ખડકાળ પાત્રમાં તુંગભદ્રા. હજી વહે છે. રામના સમયમાં વહેતી હતી, ભવ્ય વિજયનગરના સામ્રાજ્યકાળે વહેતી હતી, વિજયનગરને જ્યારે મહિનાઓ સુધી લૂંટવામાં, તોડવામાં, બાળવામાં આવી રહ્યું હતું, ત્યારે પણ વહેતી હતી તુંગભદ્રા.

મૈસુરથી રવાના થઈ બસમાં રાત્રિયાત્રા કરી. સવારના સાડા પાંચ વાગ્યે બસ હોસ્પેટ પહોંચી ત્યારે તો હજુ ભળભાંખળું હતું.

પ્રવાસન વિભાગની મિનિ બસમાં માઈલોમાં વેરવિખેર થઈ છવાયેલાં હમ્પીનાં ખંડેરો તરફ ઊપડ્યા. હોસ્પેટ શાંત નગર છે. રસ્તાની બન્ને બાજુ જૂનાં મંદિરો, ગામ અને શેરડીનાં ખેતરો અને પછી શરૂ થયો પહાડી વિસ્તાર. આ પહાડો એટલે માલ્યવાન, ઋષ્યશૃંગ કે મતંગ પર્વતો.

બસ આગળ વધે છે. ખંડેરોનાં ઢગલા, કમાનો, અર્ધકમાનો, ભગ્ન ઈમારતો, છતો પર ઊગી ગયેલું ઘાસ, વેરાયેલાં પથ્થરોનાં અસ્થિ અને વેરાયલા અવશેષો. મન મથી રહ્યું છે એક સમૃદ્ધ નગરની કલ્પના કરવામાં.

ધ્વસ્ત નગરોનાં ખંડેરો. આપણું પાટણ, મધ્યપ્રદેશનું માંડુ અને વિદિશા. પાટણ અને વિદિશા તો અન્ય રૂપે જીવિત થયા, પણ માંડુ અને વિજયનગર તો રહ્યાં કેવળ ધ્વસ્ત શહેરોના ભગ્નાવશેષો.

બસ વિરૂપાક્ષના ગોપુર આગળ આવી ઊભી રહી. વિજયનગરના અધિષ્ઠાતા દેવ છે વિરૂપાક્ષ. એમનાં દર્શન કરી હમ્પીનાં ખંડેરો જોવા આગળ જવાનું. આશ્ચર્ય તો એ વાતનું છે કે વિધર્મીઓના પ્રહારોથી બચીને આ મંદિર કેવી રીતે સાબૂત ઊભું રહ્યું ? આ એક જ મંદિરમાં હજી પૂજા થાય છે. બાકીનાં અન્ય દેવસ્થાનો તો પુરાતત્ત્વ ખાતાની રક્ષિત ઈમારતોછે. ઈ.સ. ૧૩૧૩માં રાજા પ્રૌઢદેવરાયે આ મંદિરની સ્થાપના કરી. વિજયનગરની સ્થાપના અને એના વિકાસ અને એની સમૃદ્ધિમાં વિદ્યારણ્યસ્વામી હંમેશાં પ્રેરણામૂર્તિ રહ્યા. સુંદર છે આ મંદિર.

મંદિરની આગળના મંડપની છતમાં શિવપુરાણનાં ચિત્રો છે. ચિત્રોના રંગ ઊપાડવા લાગ્યા છે. મંડપના સ્તંભ કોતરણીયુક્ત છે. વિરૂપાક્ષનાં દર્શન પછી તો અમે ખંડિત મૂર્તિઓ-ખંડેરોની વચ્ચે ભમતા રહ્યા. ચારેકોર પથ્થરો વેરાયેલા. તેમાં પહાડીઓના ખડકો પણ આવી જાય. અહીંની પહાડીઓ અને પથ્થરો ઈડરિયા ગઢની યાદ આપે એવી બોડિયા ટેકરીઓ.

રસ્તામાં ગણેશની એક વિરાટ મૂર્તિ છે. મૂર્તિ અપૂજ છે. મૂર્તિ ખંડિત હતી. આ વિકૃત વિધર્મીઓ જ્યારે મૂર્તિને સંપૂર્ણ તોડવાનો સમય ન હોય ત્યારે એનું એકાદ અંગ તોડી નાખતા. ગણેશ દર્શન પછી આગળ વધતાં મતંગ પહાડી પર ચઢયા જ્યાં વીરભદ્રનું મંદિર છે.

આ ભગ્નમંદિરોમાં ધ્યાન ખેંચનારું છે રામચંદ્રનું મંદિર. ‘હજારા રામ’ તરીકે ઓળખાતા મંદિરની આસપાસના વિસ્તારમાં રાજપરિવારના નિવાસો હતા. આ ખંડિત ઈમારતોના ઢગલા પડેલા છે અહીં. આ મંદિર પણ રાજમંદિર હતું. આ મંદિરની દીવાલો પર રામાયણની વિવિધ ઘટનાઓને ત્રણ હારમાં કોતરવામાં આવી છે. ત્રણ પ્રદક્ષિણા કરતાં સંપૂર્ણ રામાયણ આવી જાય. મંદિરના ખંડિત શીર્ષ ભાગમાં ટેરાકોટાની મૂર્તિઓ જડેલી છે. આ મૂર્તિઓ પણ ખંડિત છે.

કૃષ્ણદેવરાયે ૧૫૧૩માં કૃષ્ણ-મંદિરોના સંકુલનું નિર્માણ કરેલું તે ભગ્ન હાલતમાં છે. રામચંદ્રના મંદિર પાસેનો વિસ્તાર જનાના તરીકે ઓળખાય છે. રાજાની રાણીઓના એ નિવાસો છે. આ વિસ્તારની ઈસ્લામી સ્થાપત્ય ધરાવતી કેટલીક ઈમારતો અકબંધ છે. કર્ણાટક સરકાર પ્રવાસીઓને આકર્ષવા વિવિધ કાર્યક્રમો પણ યોજે છે.

રાણીઓનાં હમામખાનાં પુરાણા વૈભવની ચાડી ખાતાં ઊભાં છે અને બાજુમાં સાબૂત ઊભેલો 'કમલ મહલ' છે. 'લોટસ મહલ'ના નામથી ઓળખાય છે. આ બધી વિશાળ ખુલ્લી જગ્યાઓ છે. કર્ણાટક સરકારે અહીં વધુ પ્રવાસીઓને આકર્ષવા દીવાઓની ગોઠવણ કરી છે. વિજયાદશમીએ ખાસ કાર્યક્રમો ગોઠવાય છે. આજે પણ વિજયનગર-હમ્પીના અવશેષોનું ઉત્ખનન વેગથી ચાલે છે. વિજનગરને કર્ણાટકની અસ્મિતાનું પ્રતીક બનાવવાની સરકારની નેમ છે.

બુક-સ્ટૉલ પર એક પુસ્તક હાથમાં આવી ગયું. વર્ષો પહેલાં પુરાતત્ત્વ ખાતાના એક અંગ્રેજ અધિકારી લૉન્ગ હર્સ્ટે લખેલું આ પુસ્તક 'હમ્પી રુઈન્સ' ચિત્રો સહિત વિજયનગરની આ અવદશાનું ચિત્ર ખડું કરે છે.

આગળ વધતાં એક જગ્યાએ કોઈ મૂર્તિના પુનરુદ્ધારનું કાર્ય ચાલતું હતું.

એ માર્ગે શેરડીનાં ખેતરોની પૃષ્ઠભૂમિમાં એક નાનકડો ભૂમિખંડ છે. ત્યાં ઊતરીને જોયું તો એક મોટા પથ્થરમાંથી કોતરેલી નરસિંહની વિરાટ, પણ ભગ્ન મૂર્તિના પુનરુદ્ધારનું કાર્ય ચાલે છે. પુરાતત્ત્વ ખાતાના નિષ્ણાતોએ તાજેતરમાં શોધ કરી છે કે એ યોગલક્ષ્મી નરસિંહની મૂર્તિ છે. લક્ષ્મીનો એક હાથ આ મૂર્તિ સાથે જડાયેલો છે. લક્ષ્મીની મૂર્તિનો કેટલોક અંશ બાજુમાંથી મળી આવ્યો છે અને હવે એ મૂર્તિને ફરી મૂળને અનુરૂપ કરી આખી યોગલક્ષ્મી - નરસિંહની મૂર્તિને અસલના રૂપમાં લાવવાનો પ્રયત્ન છે.

થોડું આગળ જતાં આવે છે વિઠ્ઠલમંદિર. મંદિર ભગ્ન અવસ્થામાં છે, પણ આ ઈમારત સૌથી ભવ્ય અને સુંદર છે. સામે જ તુંગભદ્રાનાં જળ વહી રહ્યાં છે. હવે સાંજ પડી છે. બસ હોસ્પેટ પહોંચી અને જમીને પાછા ઊપડ્યા તુંગભદ્રા ડેમ પર. દક્ષિણ ભારતનો આ સૌથી મોટો ડેમ છે. ઉપર પહાડી પર ઊંચાઈથી બધું કેવું રમ્ય ભાસે છે, પણ મનમાં તો ખંડેરો અને ભગ્નાવશેષો જ ઘૂમી રહ્યાં છે. હમ્પીનાં ખંડેરોનું અવસાદમય સૌંદર્ય કેડો નથી મૂકતું.

પ્રવાસ આટોપવાનો સમય આવી ગયો. અલવિદા !

અને હવે પછી.........???

ફોન: ૯૩૨૩૫૪૧૩૫૧

મૃત્યુ પછી પ્રાર્થનાસભામાં જવું ?

હેમા વીરા

પ્રાર્થનાસભામાં હાજરી આપવી એ વ્યક્તિગત મામલો છે. દરેક વ્યક્તિ જુદાજુદા ઈરાદાથી પ્રાર્થનાસભામાં હાજરી આપવા જાય છે. આપણે આપણા દિલને પૂછીએ કે આપણે ણૂયા ઈરાદાથી પ્રાર્થનાસભામાં જઈએ છીએ ? તે કેટલે અંશે યોગ્ય છે ? મેં અનુભવેલી પ્રાર્થનાસભાનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવા માગું છું.

દિવાળી પછી એક અઠવાડિયા સુધી સ્કૂલમાં રજા હતી. મારા ખૂબ આગ્રહ પછી મારાં પુત્ર ને પુત્રવધૂ એમના બાળકો નેહા ને મહિપને લઈને મારે ત્યાં આવ્યાં, બાળકોના મનમાં ખૂબ જ ઉલ્લાસ ને અરમાન હતાં. બસ ચાર દિવસ મોજ-મજા કરીશું અને દાદા–દાદી જોડે ફરવા જઈશું. પિત્ઝા-આઈસક્રીમ અને બજારમાં મનગમતી ખરીદી પણ કરીશું વગેરે. પુત્ર ને પુત્રવધૂ પોતાના પર્સનલ કામથી બહાર જવાનું હોવાથી બાળકોને મૂકીને બીજે દિવસે સવારે તેઓ નીકળી ગયાં. સવારનો ચા-નાસ્તો પતાવી મેં મારા પતિને પૂછયું, છોકરાઓ માટે શું પ્રોગ્રામ બનાવીશું ? ત્યારે તેમણે કહ્યું, મારે તો પ્રાર્થનાસભામાં જવું છે. એમના માટે થોડી દૂરની સગાઈ હતી અને ઘણાં વર્ષોથી એકબીજાને મળ્યા પણ ન હતા. રૂઢિચુસ્ત એવા મારા પતિ સાથે મેં દલીલ ન કરી અને હું ને બાળકો ઘરમાં જ રહ્યાં.

બપોરે જલદીથી ચા-પાણી પતાવી ઘરેથી તેઓ ૩ વાગે નીકળી, માંડ પ્રાર્થનાસભામાં પહોંચ્યા ત્યારે ભાગ્યે જ કોઈને મળી શક્યા અને એ જ રૂટિનમાં ઘરે ખૂબ જ મોડેથી પહોંચ્યા હતા. સ્વભાવે શાંત હોવાથી પોતાને થયેલી હાડમારીનો ગુસ્સો અમારી ઉપર ન ઉતાર્યો.

પણ મને થયું કે પ્રાર્થનાસભામાં હાજરી આપવા કરતાં એ વ્યક્તિ લગભગ ઘણા મહિનાથી બીમાર હતી તો એને એકવાર પોતાની અનુકૂળતાએ મળી આવ્યા હોત તો ? એમની ૧૫ મિનિટની હાજરીથી કોઈને કશો પણ ફરક ન પડ્યો, પણ હા! મારાં નિર્દોષ બાળકો બહુ નિરાશ થઈ ગયાં.

નેહાએ પૂછ્યું, પ્રાર્થનાસભા એટલે શું ? મેં કહ્યું, જે વ્યક્તિ ગુજરી જાય પછી તેના આત્માને શાંતિ મળે એટલે બધા એક જગ્યાએ ભેગા મળીને પરમાત્માને શાંતિથી પ્રાર્થના કરે.

પણ અત્યારની પ્રાર્થનાસભામાં એવું જોવા મળે છે ? અત્યારની પ્રાર્થનાસભા એટલે

પંચાતસભા કોણ આવ્યું અને કોણ ગયું? ભુલાઈ જવાય છે. મને બરાબર યાદ છે, મારા કુટુંબીજનની પ્રાર્થનાસભામાં હું ગઈ હતી, ત્યારે શરૂઆતમાં દસ મિનિટ અને ઘરના મોભા પ્રમાણે લાઈનમાં બેસી ગયા... ગાયકોએ પોતાના મધુર આવાજમાં ભજન સ્તવનોની શરૂઆત કરી.

થોડી વાર પછી કોલાહલ શરૂ થયો. જેવી પ્રાર્થનાસભા પૂરી થઈ કે બધી સ્ત્રીઓ તો ગ્રુપ બનાવી, કુંડાળું કરી વાતો કરવા લાગી. બે-ત્રણ જણીઓ હસતી પણ હતી, આ અણગમતી પરિસ્થિતિ તો પરાકાષ્ઠાએ ત્યારે પહોંચી જ્યારે કેટલાકને મેં એ બોલતા સાંભળ્યા કે, સારું થયું પ્રાર્થનાસભમાં આવ્યા ત્યારે એકબીજાને મળાયું તો ખરું!

આનો શું કહેવું પ્રાર્થનાસભા કે સ્નેહસંમેલન? જે ૭૦-૮૦ લોકો આવ્યા હતા તેમાંથી થોડા જણ પણ વારાફરથી એ વ્યક્તિ હયાત હતી ત્યારે તેમને મળવા ગયા હોત તો? એ એકલવાયા વૃદ્ધજનનું મન કેટલું આનંદ પામત. એમનો થોડો સમય પણ કેટલી સારી રીતે પસાર થાત. કદાચ રૂબરૂ મળવાથી તેમની જીવવાની આશા પ્રબળ બનત, બોલો શું યોગ્ય લાગે છે વ્યક્તિ જ્યારે હયાત હોય ત્યારે મળવા જવું કે એના મૃત્યુ પછી પ્રાર્થનાસભામાં જવું?

મારા એક સંબંધીને મળવા હું ગઈ હતી, ખાસ્સો એક કલાક બેઠી હતી. એમના પુત્ર-પુત્રવધૂ સર્વિસ પર જાય એટલે તેઓ ઘરમાં એકલાં જ હોય. જેટલી વાર હું બેઠી હતી એટલી વારમાં હું ભાગ્યે જ કાંઈ બોલી હોઈશ, બાકીના બધો સમયમાં તેઓ જ બોલતાં રહ્યાં.

જૂનીજૂની વાતો યાદ કરી હસી પડતાં ને કરુણ પ્રસંગ યાદ કરી રડી પણ લેતાં, ને નાટકો, પિક્ચરનાં ગીતો યાદ કરી તૂટક તૂટક ગાઈ લેતાં ને જૂની કવિતા તાળી વગાડીને ગાતાં. મને એ બધામાં રસ ઓછો પડ્યો પણ હું તેમના ગુલાબી-બોખા ચહેરાની અને માથે રૂપેરી વાળવાળા વ્યક્તિત્વને અનિમેષ નજરે નિહાળી રહી ને વિચારતી રહી કે વૃદ્ધાવસ્થામાં મનુષ્યને બીજી કોઈ અપેક્ષા રહેતી નથી, ફક્ત જોઈએ કે તેમની સાથે કોઈ બોલે અને કોઈ તેમની વાતો સાંભળે.

દુનિયામાં એવા કેટલાય એકલદોકલ વૃદ્ધજન છે. તેઓ સાધન-સંપન્ન છે, પણ વૃદ્ધત્વ અને એકલતા તેમને કોરી ખાય છે. તેમના મૃત્યુ પછી કુટુંબીજનો ભેગા થશે, પ્રાર્થનાસભામાં સંગીતનું આયોજન કરશે. બારમા દિવસે મોટા પાયે ભોજન અને ભેટ-સોગાદો આપશે તેમ જ મૃત્યું પામેલી વ્યક્તિ પાછળ દાન-પુણ્ય કરશે.

આ બધું કરવાનો સમય મળશે પણ મારી હૃદયપૂર્વકની અથવા માનવતારૂપી દલીલ એ છે કે વ્યક્તિ જ્યારે જીવતી છે ત્યારે તેનો સમય આનંદથી પસાર થાય તે માટે તેની પાસે જવા કેમ કોઈની પાસે ટાઈમ નથી.

મો - ૯૩૨૨૨ ૨૨૪૦૦

મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે
ભાગ - ૪ માનસિક સ્ટ્રેસ અને માઈગ્રેન

ડૉ. મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા)

આગળના લેખ (ભાગ -૩)માં આપણે જાણ્યું કે માનસિક સ્ટ્રેસને લીધે ૧) માઇગ્રેનના હુમલાઓ વધી જાય છે. (Frequency is increased) ૨) માથાનો દુઃખાવો વધારે તીવ્ર થાય છે. (More severe headache) ૩) દુઃખાવામાં રાહત માટે સારવારમાં અવરોધક બને છે. દવાઓની અસર ઓછી થાય છે. દવાઓનું પ્રમાણ વધારવું પડે છે.

આ લેખ ભાગ-૪માં કેસ સ્ટડી વિષે જાણકારી મેળવીએ જેથી ઉપરોક્ત વિધાનોની સાર્થકતા સમજાશે.

કેસ સ્ટડી - ૧

૪૫ વર્ષના નિખિલને (નામ બદલ્યું છે) માથાનો દુઃખાવો થતો હતો. માથાનો દુઃખાવો એક કે બે દિવસ રહેતો હતો. સાથે ઊબકા આવતા હતા. ઘણી વખત ઊલટી થતી હતી. આંખોમાં અંધારા આવતાં ઘણી વખત પ્રકાશના ઝબકારા (Flashes of light) આંખોમાં થતા હતા. દવા લઈને નિખિલ રૂમમાં અંધારું કરી પડદા લગાડી સૂઈ જતો. એ દિવસે જમતો પણ નહીં. બીજા દિવસે બધું નૉર્મલ થઈ જતું. બીજા દિવસે રૂટિન કામકાજ કરતો. જાણે કાંઈ જ થયું ન હોય.

વૈદ્યકીય તપાસ બધી જ નૉર્મલ આવી હતી. માઈગ્રેન-આધાશીશીના રોગનું નિદાન થયેલ. નિખિલ જ્યારે માઇગ્રેનનો હુમલો આવે ત્યારે દવાઓ લેતો. એકાદ દિવસમાં સારું થઈ જતું. ત્યાર બાદ કાંઈ તકલીફ ન રહેતી.

માઇગ્રેનના બે હુમલાઓની વચ્ચે કોઈ તકલીફ ન હતી. નિખિલ વચ્ચેના સમયમાં કોઈ દવા ન લેતો.

વર્ષમાં બે થી ત્રણ વખત આ પ્રકારના હુમલાઓ આવતા. નિખિલ તથા કુટુંબીજનોએ આ હુમલાઓને સ્વીકારી લીધા હતા. તથા એ સમયે દવાઓ લઈ રાહત મળતી હતી.

છેલ્લા એકાદ વર્ષથી માઇગ્રેનના હુમલાઓ વધી ગયા હતા. મહિનામાં બે-એક હુમલાઓ આવતા હતા. નિખિલ તથા કુટુંબીજનોને ખૂબ જ ચિંતા થતી હતી. આ હુમલાઓનું ૧) પ્રમાણ વધી ગયું હતું (Frequency) ૨) દુઃખાવો વધારે તીવ્ર રહેતો હતો (Severity) ૩) દવાઓનું પ્રમાણ પહેલાં કરતાં વધી ગયું હતું ૪) દુઃખાવો વધારે સમય રહેતો હતો. બે થી ત્રણ દિવસ રહેતો હતો (Duration).

ન્યુરોલૉજિકલ તપાસ કરી એમ. આર. આઇ. સ્કેન કરાવ્યું. બધું જ નૉર્મલ આવ્યું. દવાઓ બદલાવી. થોડી રાહત મળી, પરંતુ હુમલાઓ ઓછા ન થયા.

એક હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સક (લેખક)નો અભિપ્રાય લીધો.

ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક માહિતી મેળવી તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી માથાના દુઃખાવાની નોંધ પરથી નીચેની મહત્ત્વની માહિતી પ્રાપ્ત થઈ .

૧) ધંધાકીય પાર્ટનરનું અચાનક મરણઃ

નિખિલના ધંધાકીય પાર્ટનરનું અચાનક હાર્ટ ઍટેકથી મરણ થયું. પાર્ટનર જોડે નિખિલના ભાઈ જેવા સંબંધો હતા. સંવેદનશીલ નિખિલના મનને ઊંડો આઘાત લાગ્યો હતો. કાઉન્સેલિંગના સેશન્સમાં આ વિષે વાત કરતાં નિખિલ રડી પડ્યો હતો. પાર્ટનારના મરણના આઘાતમાંથી નિખિલ હજી બહાર આવ્યો ન હતો.

૨) ધંધાનું સ્ટ્રેસઃ

પાર્ટનરના અચાનક મૃત્યુથી ધંધાની સંપૂર્ણ જવાબદારી નિખિલ પર આવી પડી હતી. અત્યાર સુધી અડધીથી વધારે જવાબદારી પાર્ટનર સંભાળતો હતો. જ્યારે પણ કામ વધી જતું અને ટાર્ગેટ ડેડલાઇન નજીક આવતી ત્યારે નિખિલનું સ્ટ્રેસ લેવલ વધી જતું અને માઈગ્રેનનો હુમલો આવી જતો.

૩) ફ્લૅટના કબજામાં મોડુંઃ

નિખિલે રહેવા માટે ફ્લૅટનું અન્ડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાં બુકિંગ કર્યું હતું. પોતાનું જૂનું ઘર વહેચીને પૈસાની ગોઠવણ કરી હતી હાલ ભાડાના ઘરમાં રહેતો હતો. આ ફ્લૅટનો કબજો મળતો ન હતો. મોડું થતું હતું. આપેલા સમયથી એક વર્ષ વધારે નીકળી ગયું હતું. કબજો ક્યારે મળશે એ નિશ્ચિત ન હતું. આથી નિખિલ સ્ટ્રેસમાં રહેતો હતો.

ઉપરોક્ત કારણોને લીધે સંવેદનશીલ નિખિલનું માનસિક સ્ટ્રેસ ખૂબ જ વધી ગયું હતું જેની અસર શરીર પર થતી હતી અને માઈગ્રેનના હુમલાઓ વધી ગયા હતા. દુઃખાવો વધારે તીવ્ર થયો હતો.

સારવારઃ

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ (Anti Stress Medication) શરૂ કરી. બે અઠવાડિયામાં દવાઓની પૉઝિટિવ અસર જણાવા લાગી.

સાથે કાઉન્સેલિંગ પણ શરૂ કર્યું. સંવેદનશીલ વલણ બદલાવવા માટે કોગ્નિટીવ બિહેવિયર થેરાપી પણ શરૂ કરી. જીવનશૈલીમાં બદલાવ લાવવા કાઉન્સેલિંગ કર્યું.

આ બધાની અસરથી નોંધપાત્ર સુધારો થયો. માઇગ્રેનનો દુઃખાવો ઓછો થયો. માઇગ્રેનના હુમલાઓ (attacks) ઓછા થયા.

માઈગ્રેનની દવા પૂર્વવત ફક્ત એટેક વખતે જ આપી છેલ્લા છ મહિનામાં માઈગ્રેનનો દુઃખાવો એક પણ વખત નથી થયો.

કેસ સ્ટડી – ૨

૩૯ વર્ષની મંજુલાને માઈગ્રેનની બીમારી હતી. થોડા સમયથી માઈગ્રેનનો દુઃખાવો વધી ગયો હતો. પહેલા બે માઈગ્રેનના ઍટેકની વચ્ચે બીજાં કોઈ લક્ષણો ન હતાં.

જ્યારથી માઈગ્રેનનો દુઃખાવો વધી ગયો છે ત્યારથી રાત્રે ઊંઘ બરોબર આવતી ન હતી. હૃદયના ધબકારા વધી જતા હતા. ભૂખ ઓછી થઈ ગઈ હતી. નબળાઈ લાગતી હતી. બેચેની રહેતી હતી. કામમાં મન લાગતું ન હતું. સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. મનમાં નકારાત્મક વિચારો આવતા હતા. ભવિષ્યની ચિંતા રહેતી હતી. કોઈક વખત રડવું આવી જતું હતું.

વૈદ્યકીય તપાસ બધી નૉર્મલ હતી. ફિઝિશિયનનો અભિપ્રાય લઈ સારવાર શરૂ કરી. રાહત ન મળી. ગાયકોનોલૉજિસ્ટની મેનોપોઝ માટે સારવાર કરી રાહત ન મળી. ફિઝિશિયને મનોચિકિત્સકનો અભિપ્રાય લેવા સલાહ આપી.

ઊંડાણમાં જતા તથા માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ પરથી નીચેની માહિતી મળી.

માઈગ્રેનના બે હુમલાઓની વચ્ચેના સમયમાં મંજુલાને જે લક્ષણો હતાં એ બધાં ડિપ્રેશનની બીમારીનાં હતાં. શારીરિક તથા માનસિક લક્ષણો હતાં. માનસિક સ્ટ્રેસનના બનાવો નીચે પ્રમાણે હતા.

૧) દીકરી સાસરેથી પાછી આવી હતીઃ-

પરણેલી દીકરી સાસરેથી ઝઘડો કરીને પાછી આવી હતી. સાસુ જોડે વિચારોનો મતભેદ રહેતો હતો. પતિ જોડે સારું બનતું હતું. મંજુલાએ તથા કુટુંબીજનોએ ખૂબ સમજાવ્યું, પણ સાસરે જવા દીકરી તૈયાર ન હતી.

૨) દીકરાનાં લગ્નનો પ્રશ્નઃ

દીકરાની ઉંમર વધતી જતી હતી. દીકરો લગ્ન કરવા રાજી થતો ન હતો. દીકરા માટે માગાં આવતાં હતાં, પરંતુ દીકરો ના જ પાડતો હતો. મંજુલાને બધાને જવાબ આપવા પડતા હતા જેથી માનસિક સ્ટ્રેસ વધતું હતું.

૩) મમ્મીની તબિયતઃ

મંજુલાની મમ્મીની તબિયત નરમગરમ રહેતી હતી. ડાયાબિટીસનું પ્રમાણ વધી ગયું હતું . બે વખત હૉસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવી પડી હતી. મંજુલાને મમ્મી જોડે ખૂબ જ સારું બનતું હતું. મમ્મીની તબિયતને લીધે સ્ટ્રેસ વધી ગયું હતું.

સારવારઃ

ડિપ્રેશન પ્રતિરોધક દવાઓ માઈગ્રેનની દવાઓ સાથે શરૂ કરી. બે અઠવાડિયામાં ડિપ્રેશનનાં લક્ષણોમાં રાહત મળી. ભૂખ લાગવા

માંડી. રાત્રે ઊંઘ નૉર્મલ થઈ. માઈગ્રેનના દુઃખાવામાં રાહત મળી.

કાઉન્સેલિંગ શરૂ કર્યું. હકીકતનો મનથી સ્વીકાર કરવા કાઉન્સેલિંગ કર્યું. વ્યક્તિ પોતાનું કર્મ કરે ત્યાર બાદ જે પરિણામ આવે એ મનથી સ્વાકારવું જોઈએ એ સિદ્ધાંત અપનાવવા સમજાવ્યું.

મનોવૈજ્ઞાનિક સમજાણઃ

માનસિક સ્ટ્રેસની અસર શરીર પર થાય છે સ્ટ્રેસને લીધે થતા હોરમોનલ તથા ન્યુરોટ્રાન્સમીટર્સને લીધે નકારાત્મક અસર થાય છે. જેને લીધે માઇગ્રેનની બીમારીથી પીડાતા દર્દીમાં ૧) દુઃખાવાની તીવ્રતા વધી જાય છે ૨) દુઃખાવાના હુમલાઓ વધી જાય છે ૩) માઇગ્રેનની દવાની અસર ઓછી થાય છે.

સારવારમાં માઇગ્રેનની દવાઓ જોડે સ્ટ્રેસની શરીર પરની અસર ઓછી કરવા સારવાર કરવી અગત્યની છે.

મનોચિકિત્સાથી મન અંદરથી શાંત થાય છે. માનસિક ઈન્યુનિટીમાં વધારો થાય છે, મનોબળ વધે છે, આત્મવિશ્વાસ વધે છે, પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિમાં વધારો થાય છે. સ્ટ્રેસને લીધે થતાં નકારાત્મક હોરમોનલ તથા ન્યુરોટ્રાન્સમીટર્સમાં ફેરફારો પાછા નૉર્મલ થાય છે. માઈગ્રેનમાં આથી રાહત મળે છે.

સારાંશ :

માઇગ્રેનના કિસ્સામાં મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ જરૂરત પ્રમાણે મનોચિકિત્સા કરવાથી દર્દીને રાહત મળે છે. દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

સમજણ વગરનો ધર્મ માણસને પશુ બનાવે છે.

✻ દામજી માણેક ગડા ✻

ચિંતન કરવાની પ્રક્રિયા જ્યાં અટકે છે ત્યાં માનવીનો માનસિક રીતે પૂર્ણવિરામ સમજવાનો વિચાર કરવાની પ્રક્રિયાથી માણસમાં સમજણપણાનો ભાસ થાય છે. પશુઓમાં ચિંતન હોતું નથી. એ એની એક જ રફતારથી જીવન જીવતાં હોય છે. માણસ જે શિખડાવે તે પ્રમાણે પશુઓ રટણ કરતાં હોય છે. તેમનો વ્યક્તિગત માનસિક વિકાસ થતો નથી.

સામાજિક ચિંતનમાં માણસ સતત વિચાર કરતો હોય છે. એટલે એનો વિકાસ થતો આવ્યો છે. એની પ્રગતિ થતી આવી છે. સમાજ પર વગદાર માણસો પોતાનું આધિપત્ય કાયમ

રાખવા સામાજિક ચિંતનથી પ્રક્રિયામાં આડખીલી રૂપે આવેછે. શ્રેષ્ઠ સાહિત્યકાર રૂસોની આત્મકથા વાંચતા સમજાય છે કે ચર્ચના પાદરીઓ પોતાને ગમે તે અને પોતાને સમજાય તે વિચારો પ્રજા પર ઠોકી બેસાડતા હતા. જ્ઞાનની સીમા તેઓ પોતે નક્કી કરતા હતા. આવી રસમો જો નિરંતર ચાલૂ રહે તો માણસના શોષણમાં ધર્મ એ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આર્થિક શોષણની સામે માણસ બગાવત કરીને તેમાંથી મુક્ત થઈ શકેછે. સામાજિક શોષણ સાથે જ્યારે ધર્મ ભળે છે ત્યારે પરિવર્તનની પ્રક્રિયાની ગતિ મંદ પડે છે. જ્યાં માત્ર ધાર્મિક શોષણ થતું હોય છે. તેની સામે બગાવત જ્વલ્લેજ માનવી કરે છે. એમાંથી સંપૂર્ણ મુક્તિ મળતી નથી, પણ માણસને વિચાર કરતો કરી મૂકે છે. જ્યાં જ્યાં રાજસત્તા અને ધર્મનો મેળાપ થાય છે. ત્યાં માનવી પર અત્યચારો થાય છે. જર્મન ફિલોસોફર નિત્શે જણાવ્યું છે કે મેં જીવનમાં એક જ ખ્રિસ્તી માણસ જોયો છે. જે સૂળી પર ચડી ગયો હતો. એના પછીના એમના અનુયાયીઓ નો જિસસનાં વચનો કરતાં ધર્મ પરિવર્તનમાં વધુ વિશ્વાસ હતો. એટલે આજે સાચો ખ્રિસ્તી જોવા મળતો નથી.

નિત્શે કરતાં વધુ કડવા વચનો વોસ્તરેધર્મ માટે કહ્યાં છે. ધર્મની દુકાન અને તેના દુકાનદારો પોતાની સત્તા કાયમ રાખવા પોતાની બ્રાંડનો ઉપદેશ ધર્મના નામે આપે છે. ધર્મ એ વ્યક્તિની પોતાની સમજ પ્રમાણે પાળવો જોઈએ કોઈના અનુકરણ એની પ્રાપ્તી થતી નથી. પરંતુ એ પોતાના વર્તુળોમાં ફર્યા કરે છે. ધર્મ માણસને સદાચારી, પરોપકારી અને વિવેકપૂર્વક વિચાર કરવાની સમજ કેળવે છે. આજે આપણા ધર્મનાં મઠાધીશો ધર્મની દુકાનમાં પોતાનો જૂનો માલ વહેંચે છે. શ્રદ્ધાળુ લોકો એ સસ્તો સમજીને થોક બંધ ખરીદી કરે છે.

જે વાત મહાવીર કહી જે વાત મહમદ અને બુધ્ધ કહી તેના પર ચાલાવાવાળા માણસો બહુ જ ઓછો જોવા મળે છે. મહાપુરુષોના વિચારોનું પોતાની રીતે અર્થઘટન કરીને માણસોની વચ્ચે રાખવામાં આવે છે. જ્યાં વિવેક હોય ત્યાં એના પરવિચાર થાય છે. વિવેક વગરનો ધર્મ માણસને પશુ બનાવે છે. સમજ વગરનો ધર્મ તાલીબાની વિચાર શ્રેણીને જન્મ આપે છે.

હાલત જે બીજાની થઈ
એ અમારીથવાની
મહોબત અહી થઈ નથી
કોઈને નેથવાની નથી

✤ ✤ ✤ ✤ ✤

તીરછી નજર આજ
ઝુકેલી લાગે છે
દીલનેખૂણે ક્યાંક
પ્રેમ સળવળ્યો લાગે છે

વાત છે મારી-તારી-આપણી

વિસનજી જાદવજી ધરોડ ''અ-બધ્ધ''

વાંચો.... મજા ન આવે તો પૈસા પાછા

પૈસો મારો પરમેશ્વર, પત્ની મારી ગુરુ
છોકરા મારા શાલિગ્રામ કોની સેવા કરું ?

જે માણસ પાઈ-પાઈની ચિંતા કરે છે
એને રૂપિયાની ચિન્તા કરવી પડતી નથી.

પેટ ભરો.... પણ પેટી ન ભરો.
ધન ની ત્રણ ગતિ છે : દાન ભોગ અને નાશ
તૃષ્ણા હજી બાળકુંવારી છે.

બે ગાડા ને ત્રણ બળદ,
ચોથા નો તૂટો ને તૂટો જ
પાડોશી વિના ચાલી શકે એટલો
પૈસાદાર કોઈ હોતો નથી.

પૈસાદારોને બિચારાઓને પૈસા જ ખાવા પડત
પણ સદ્‌ભાગ્યે ગરીબો અન્ન ઉગાડે છે.

પૈસાદાર હો ત્યારે ગરીબીનો વિચાર કરજો પણ
ગરીબ હો ત્યારે પૈસા વિશે વિચારશો નહીં.

મીણબતી ઓનો ખર્ચો બચાવવા વહેલા સુઈ જાવ અને પરિણામે જોડકાં બાળકો જન્મે તો એ કરકસર ખોટી કહેવાય.

અન્યાય થી મેળવેલું ધન ૧૦ વર્ષ સુધી રહે છે. પણ ૧૬ વર્ષ થતાં આ અન્યાયનું ધન તો નાશ પામે જ છે. પણ સાથે સાથે આગળનું ધન પણ તેની સાથે જ નાશ પામે છે.

જે દિવસે આપણે પૈસાની બાબતમાં અસલામતી અનુભવવાનું બંધ કરી દઈશું, પૈસા પોતાની સલામતી ખાતર આપણી પાછળ દોડવાનું શરૂ કરી દેશે.

પૈસાદારોને સંતાનો હોતા નથી,
વારસદારો હોય છે.

દીકરો વહુની અમાનત, દીકરી જમાઈની અમાનત શરીર સ્મશાનની અમાનત, જિંદગી મોતની અમાનત તમારું શું ? આ દુનિયામાં તમારું કાંઈ જ નથી.

ઈશ્વર ગરીબોને પ્રેમ આપે છે પણ પૈસા તો
એ પૈસાદારોને જ આપેછે.

ગઝલનો શેરઃ જરાક કાણું શું પડ્યું ખિસ્સામાં
સિક્કા થી વધુતો સંબંધો સરકી ગયા
શેરઃ ગુમાવ્યાનો હિસાબ કોણ રાખે અહિં તો
જે મળ્યું એમાં આનંદ છે.

માસિક આવક કરતાં માનસિક આવક બમણી કરો તો મોજ જ મોજ છે.

તમારી પાસે પૈસા હોય તો તમે ડાહ્યા છો. સુંદર છો અને સારું ગાઈ પણ શકો છો.

ખાલી ખીસ્સું જ ભારેમાં ભારે બોજ છે. ગરીબાઈ બુધ્ધિને (શાણપણને) પણ ઢાંકી દે છે.

કમાયેલું ધન આપણી સાત પેઢી ભોગવી શકે પણ આંચકેલા ધનથી આપણી સાત પેઢીએ ભોગવવું પડે.

નથી તેની ચિંતા છોડો તો છે એનો આનંદ માણી શકશો.

માળા (જપમાળા) જો સોનાની હશે તો ચોર આવશે પણ માળા જો તુલસીની હશે તો માખણચોર (ભગવાન) આવશે.

ધન, ભોજન અને સ્ત્રીમાં સંતોષ રાખવો અને વિદ્યાભ્યાસ ધર્મ અને દાનમાં લોભ રાખવો.

લોભીને ધનથી, ગર્વિષ્ઠને હાથ જોડી, મૂર્ખને તેની મરજી પ્રમાણે વર્તીને અને પંડિતને યથાર્થ જ્ઞાન બતાવી વશ કરવા.

ધન જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક
એ ચારે ભેગા હુઆ અનરથ કરે અનેક
ઠાકરી એટલે ઠકુરાઈ, સતા,

પેષામ ન વિદ્યા, ન તપો ન દાનં જ્ઞાનં,
ન શિલં ન ગુણો, ન ધર્મતે
મૃત્યુ લોકે ભૂમિભાર ભૂતા
મનુષ્ય રૂપેણ મૃગાઃ ચરન્તિ.

પહેલું સુખ નિરોગી કાયા
બીજૂં સુખ ઘરમાં માયા (ધન, દોલત)
ત્રીજું સુખ કોઠીએ જાર (જાર- જુવાર, અનાજ)
ચોથું સુખ સુલક્ષણી નાર (નાર- પત્ની)

બેઠાખાધેરાજાના ભંડારો ય ખુટે

કરકસર એ મોટી આવક છે.

ત્રેવડ ત્રીજો ભાઈ

કરજ એ કમનશીબી છે.

છેતરાવું નથી ત્રણ દુકાને ભાવ પૂછો.

રળે રોકડે તે કદી, લેશ ન સાંખે વાર
દાન, ભાડું ને દક્ષિણા એ નહિં હોય ઉધાર

સુખના સાથી સોજડે; દુઃખના કોઈ ન થાય
ચંદરવો બાંધે બધા, છોડીકોઈ ન જાય.

ખાવું પીવું ને ખરચવું લેવું, દેવું ને લાડ
વિગતે વિચારી વરતીએ તો લેખાઈએ નહિં લબાડ

ઉમરના
૫૧ વર્ષ પછીના દરેક વર્ષ બોનસ છે.
૬૧ પછીના દરેક માસ બક્ષીસ છે.
૭૧ પછીના દરેકદિવસ ઉપહાર છે.
૮૧ પછીના દરેક કલાક પ્રસાદછે.

પત્રી, મો ૯૩૨૦૮ ૪૮૮૪૫

ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

પાં 'લખ' કમાઈ હાણે 'લગ' કે લગ પુગા અયું. ત વધીયૂં પંધ ઈંગીયા !

(૧) લગ(અવ્યય) - પાસે, નજીક (adv.) near (વાક્ય) ઠેસણ ત લગ આય, પંધેં પુજી વૅબો !

(૨) લગત (સ્ત્રી) - ભૂતપ્રેતની બલા વળગે તે, વળગાડ. (f) possession by evil spirit (વાક્ય) હિકડ઼ા ચેંતા લગત આય ને બ્યા ચેંતા લકવો ! હાણે ધવા કૅણી કે પુછાઆછા ?!

(૩) લગન (સ્ત્રી) - લગની, કોઈ વ્યક્તિ કે કામ પ્રત્યે પૂરેપૂરું ધ્યાન લાગે તે (f) absorption

(૪) લગન (પુ.) - લગ્ન (m) marriage (આ) લગન, વિવાહનાં મુહૂર્તો ઈત્યાદિ (વાક્ય) ''બાપા મારાજ વટે પોયત્રેજા લગન લિખાયલા વ્યા અઈં !''

પનપટી : અજ શબ્દાર્થજી ચર્ચા કનાં ચૉવક જી ગાલ કેજી મન વધૂ થીયે તો લગ જૅડ઼ે સાધે શબ્દ મથા લાખેણી કચ્છી ચૉવક આય, ''માડૂએં લગ માડૂ મિડ઼ે થઈ રેં !'' (સારા માણસનો સંગ મળે તો બધા સારા થઈ જાય !) આ કહેવતનો એક વિશેષ સંદર્ભ છે. પોતાની નવી આવેલી કૂળવધૂ વિષે ઘસાતું બોલનાર સાસુને એક સમજુ વૃદ્ધ જ્યારે આ કહેવત સંભળાવે છે ત્યારે એ એમ કહેવા માગે છે કે, બહેન તું વહુની વગોવણી ન કર. જો તારામાં કશું સારું હશે તો તારી સાથે રહીને તારી વહુ પણ હોશિયાર થઈ જશે. માટે તારામાં રહેલું માણસપણું પ્રગટે એવું કંઈક કર !

હિન ચૉવક મથે જિ કીં લિખોં સે ઓછો આય, અજ જે સંસારમેં !!

કેળવણીનો પાયો છે ખરું મોડેલ ! કહેવત કેળવણીનું એ હાર્દ પ્રગટ કરી, સંસારની-ઘર-ગ્રહસ્થની ખરી દિશા સૂચવે છે !!

લગ-લગવ્યૂં મથા હિકડ઼ી ચૉવક જરૂર ચૉણી પોંધી. જાગ્યા ત્યાંથી સવાર જો કચ્છી આય.... ''લગે તિતા લેખીજે !''

- વિશન

> એના મુકામે થી બદલી એને
> બીજો મુકામ આપી દેવાય છે.
> સમયના પ્રવાહમાં થીજી ગયેલી જિંદગીને
> મોતનું નામ આપી દેવાય છે

બાળગીત-ત્રિખડ(ત્રણનો સમુહ)

કુલા નંઈ? (બાળગીત)

માડી માડી! ચૉતાં પાં ગ્યા
પખીએં જેંડ઼ા પખ કુલા નંઈ?
ઉચેં ઉચેં આકાસવડે મેં
ઉડી ફિરેજા સુખ કુલા નંઈ?

માડી માડી! ચૉતાં પાં ગ્યા
જરણેં જેંડ઼ા પગ કુલા નંઈ?
જાંજર જમજમ... ઘૂઘરા ઘમઘમ
રુમજુમ રુમજુમ સુખ કુલા નંઈ?

માડી માડી! ચૉતાં પાં ગ્યા
વડલે જેડ઼ા હથ કુલા નંઈ?
રોજરોજ પ્યા મૉજ વિરાઇયૂં
તાંય છિલેં ઊ સુખ કુલા નંઈ?

માડી માડી! ચૉતાં પાં ગ્યા
તારેં જેડ્યૂં અખીયું કુલા નંઈ?
અંધારેમેં ઉલક મુલકકે
ડિસી ખિલેજા સુખ કુલા નંઈ?

માડી માડી! ચૉતાં પાં ગ્યા
સોણાં લખ લખ લખ કુલાનંઈ?
ટુટૅ ન નિંધર, છુટે ન સંઘર
ખુટેં ન ઍડ઼ા સુખ કુલા નંઈ?

ઉલક મુલક = દેશ વિદેશ

- ડૉ. વિશન નાગડા

ભા-ભૅણ જી રાંધ

ભા નિંઢડ઼ેકે ભૅણ પુછે તી,
''હલ, પાં ઘરઘર રમંબો?!''
નિંઢડ઼ેં નિંઢડ઼ેં રાંધીકડેંસેં
ઘર હિડ઼કો પાં મંઢબો!

કુંભારબાપા ભનાઇ ડીંધા, કુનડ઼ા-ભભૂલા લાટ
ચુલ ડીંધા સે ચિતરી એડ઼ી! સોભી ઉથીયે ઘાટ!
થિપીથિપીને મા જેંડ્યૂ પાં માન્યૂં ખાસ્યૂં ઘડ઼ંબો!

કુંભારબાપા ભનાઈ ડીંધા, હાથી ઘોડા લાટ
ડીંધા બિઈ ઉઠગાડી ઍડ઼ી, નૅરજ પ્યો તૂં ઠાઠ!
ઉઠગાડીમેં વિઇને વટસેં, મેડ઼ેમેં પાં ફિરબો!

કુંભારબાપા ભનાઇ ડીંધા, ચાંવત કઇ હટલાડ઼ી
હટલાડીમેં હટ મંઢબો પાં, ખટ કઇબો વટવારી
ઢિંગલડ઼ેંજા ઢિગ થીંધા સે, ભાં! ચૉતાં કિત રખંબો?!

કુંભારબાપા ભનાઈ ડ઼ીંધા, લાખેણી કો' થારી
ભાંત-ભાંતજા ભોજનીયાં આંઉ, ભનાંઇ ધીસેં ભારી!
પસલી પસલી રમંબો વીરા! સીરાપૂણી જિમબો..!!

- ડૉ. વિશન નાગડા

કુનડ઼ા-ભભૂલા = હાંડલી જેવાં રમવા માટેનાં નાનાં માટીનાં પાત્ર
ચાંવત = કાળજી, સંભાળ
હટલાડ઼ી = બાળકો માટે કુંભાર દ્વારા બનાવાતી વિવિધ ખાનાંવાળી એક વિશેષ રચના (હટ-હાટ, દુકાન)

ધીંગા મસ્તી

છમછમ છમછમ છંઢા પેંતા,
હલૉ ભિજેલા, નિકરોં બાર
મૉજૂં કઇબો છોરાછોરા,
ધીંગા મસ્તી કઈબો ધાર

ભિજંધેભિજંધે હિકડ઼े બે તેં ઉડાઇબો પાં પાણી
હથેં કરીને લિસકી લિસકી છણંબો જાણી જાણી
છાલ! અચે કૉ ઓડો તેંકે,પાણી વારી પોંધી માર!

ડ્રાંઉંડ્રાંઉં કઇ હિકડ઼े ભેરા મિડ઼े ડેડકા ભનંબો
હિકડ઼े બેજ્યૂં ટંગડ્યૂં તાણી, ઊંધે મોં પિઇ છણબો
પટતેં પૉબો, વટસેં પૉબો,
રુનેધુને જી નાંચ વકાર

છંઢોછંઢો બુકમેં જલબો, નેવેં ભેરા નચબો
તરા ભનીને ઑગનબો સે હથમેં કેંજે અચબો ?!
ઠેંકૂં ડિઈ ડિઈ ધ્રૉમેં પૉબો,
અખીયૂં મીંચી ખણબો તાર!

પુછા કરેલા અચેં માવરું તૉર કુરો પાં કઇબો ?
પિઢપિઢજયૂં પાં છતરીયૂં ખોલી, ખિલી
સિલામ્યૂં ભરબો !।
''બચા સુધીરા'' અયૂં ! વિઓં,
કીં માયતરેં જે ચેનૂં બાર?!

- ડૉ. વિશન નાગડા

રુનેધુનેજી = રોવા રડવાની (રોને ધોને કી)
વકાર = શરત, terms and conditions

'મૂળિયાને પૂછે પ્રશ્ન મુસાફરને'

જ્યારે ને ત્યારે ડાળીઓ રીસાય,
ને મૂળિયાને થાય મૂંઝવણ.

પ્રેમ પરસેવાનાં પાણી પિવડાવ્યાં,
તોય પાંદડાને થાય પજવણ.

પાંદડાંની ડાળીઓમાં ફૂલોની કળીઓમાં,
પહોંચાડી પોતાનું લાહી.

ઉનાળે, શિયાળે સૌને સંભાળે,
પણ મૂળિયાને સમજે ન કોઈ.

દીઠા દુષ્કાળ એણે તો જઈને પાતાળ,
એણે પીધાં સૂકાયેલાં રણ.

કેમ કરી સૌને મોટા કર્યા,
જુઓ ડાળીઓ આ કેટલા અભણ !

એકએક પાનને લીલા લીલા જોઈ,
મૂળિયા તો રાજી થાય.

વાયરાની વચ્ચે બેઠી વસંત,
જુઓ ડાળીઓ આ ઝૂલા ખાય.

હર ઘરની આજે તો આ જ કઠણાઈ,
તને ઘર ગણવા હો તો ગણ.

મૂળિયા પૂછે છે પ્રશ્ન મુસાફરને,
બતાવ કળિયુગમાં ક્યાં છે શ્રવણ ?

પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર
ફોન : ૨૮૯૫ ૩૪૫૯

સાંત્વન

અવસાન નોંધ

(તા. ૧ ઑગસ્ટ ૨૦૨૧ થી તા. ૩૧ ઑગસ્ટ ૨૦૨૧)

ચક્ષુદાન : 👁 દેહ /ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷

પ્રાર્થના રાખેલ નથી

નામ	ઉંમર	ગામ	હાલે
તારાબેન શાંતિલાલ રામજી શાહ /ફુરિયા	૭૪	નાની ખાખર	મુલુંડ
લાલજી લખમશી વિજપાર મારૂ	૭૮	લાખાપુર	પરેલ (ઝુમ પ્રાર્થના)
અ.સૌ. શાંતાબેન શામજી હેમરાજ છેડા	૮૦	વાંકી	મલાડ
રવજી કુંવરજી વેલજી હરિયા	૮૧	સાભરાઈ	વિક્રોલી
નાનજી તેજશી ઉમરશી મારૂ	૮૪	શેરડી	થાણા
અ.સૌ. ખેતબાઈ ખેરાજ લખમશી જાગાણી	૯૩	માપર	ડોંબિવલી
અનિલ લખમશી વીરજી દેઢિયા	૫૯	કાંડાગરા	ચેમ્બુર
કેતન કુંવરજી વણવીર ફૂરિયા	૫૪	બિદડા	નાલાસોપારા
ઉમેશ પુનશી ડુંગરશી સાવલા	૬૧	માપર	ઘાટકોપર
અમૃતલાલ કાનજી રવજી છેડા	૭૧	લુણી	ચિંચપોકલી
પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા	૭૮	તુંબડી	અમદાવાદ
મા. ઝવેરબેન હરશી ખીમજી ગડા	૮૯	માપર	મુલુંડ
ખેતશી વિસનજી ખીમજી ગડા	૮૭	મેરાઉ	થાણા
મા. મીઠીબેન મોરારજી ચાંપશી રાંભિયા	૮૯	ઉનડોઠ	કૅનેડા
રીટાબેન (ગુંદાલાના કેસરબેન મુલજી આસમલ રાંભિયાની પુત્રી)	૬૧	-	ભાંડુપ
નીતિન આણંદજી વેલજી શેઢિયા 👁	૬૫	લાખાપુર	વલસાડ (ઝુમ)
સુશીલાબેન દિલીપ રમણીકલાલ શેઢિયા	૭૧	લાખાપુર	ભાંડુપ
લક્ષ્મીચંદ હંસરાજ દેવજી નાગડા	૮૬	કોટડી (મહા)	મુલુંડ
પ્રવીણ ઠાકરશી દેશર છેડા	૬૭	બિદડા	માટુંગા

નામ	ઉંમર	ગામ	હાલે
પ્રકાશ ધનજી મોરારજી દેઢિયા	૬૪	ટોડા	વાશી
મણિલાલ ટોકરશી પાંચારિયા દેઢિયા	૭૬	તલવાણા	મુલુંડ 👁 ✪
મા. કેસરબેન શામજી દેવજી ગાલા	૮૧	છસરા	મુલુંડ
ધીરજલાલ પોપટલાલ ખીમજી ગંગર	૮૩	નાંગલપુર	વડોદરા
ભરત કાનજી કુંવરજી ગડા	૫૨	ગુંદાલા	ગોવંડી
હેમંત રતનશી કાનજી ગોગરી	૬૪	ગુંદાલા	મુલુંડ
રમેશ વેરશી કોરશી સાવલા	૬૯	કોડાય	સાંતાક્રુઝ
મંજુલા મુલચંદ કુંવરજી રાંભિયા	૭૩	નાના ભાડિયા	સાંતાક્રુઝ
શ્રીમતી ખેતબાઈ પ્રેમજી કરમશી વીરા	૮૧	દેવપુર	ગ્રાંટ રોડ
મોણશી વેરશી રાયમલ દેઢિયા	૮૪	ભુજપુર	બોરીવલી
મા. અમૃતબેન માવજી નરશી છેડા	૮૫	નાની તુંબડી	માટુંગા
નિર્મળાબેન હીરજી મોણશી ભેદા	૮૮	બેરાજા	હૈદ્રાબાદ
મા. હીરબાઈ ભીમશી નરશી છેડા	૮૮	લાયજા	ઘાટકોપર
મોંઘીબાઈ ધનજી દેઢિયા	૯૦	શેરડી	અગાશી (વિરાર)
ધનજી ટોકરશી વણવીર વોરા	૯૩	ગોધરા	માટુંગા
ભોગીલાલ તેજશી સોજપાર ગાલા	૭૩	કાંડાગરા	કોપરખૈરણે
મણિબેન જયંતીલાલ ઠાકરશી ગોગરી	૭૫	ટુંડા	ઘાટકોપર
રામજી કુંવરજી ડુંગરશી છેડા	૮૩	લાયજા	સાંતાક્રુઝ
ટોકરશી આસુ મુરજી સાવલા	૮૪	ભીંસરા	માટુંગા (૩ ઉ)
ધનજી કચરા ગડા	૯૪	મોટા લાયજા	ઘાટકોપર

નામ	ઉંમર	ગામ	હાલે
લક્ષ્મીબેન રાયશી ગોસર દેઢિયા	૯૭	ગુંદાલા	મલાડ (૨૦૭)
માવજી દેરાજ ધારશી ગાલા	૮૧	સાભરાઈ	ગોરેગામ
અમૃતલાલ નથુ દેવજી સાવલા	૭૬	લાખાપર	મુલુંડ
મણિબેન મગનલાલ વેલજી ગંગર	૮૩	છસરા	મલાડ
કાંતિલાલ ખીમજી લીલાધર ગડા	૭૫	સાભરાઈ	ગુલબર્ગા
શારદાબેન નાનાલાલ વેરશી રાંભિયા	૮૫	ગુંદાલા	બોરીવલી
કેસરબેન લવજી દેવજી દેઢિયા	૮૭	ભુજપુર	ઘાટકોપર
નવીનચંદ્ર રાયશી શાહ ગડા	૮૮	બાડા	મલાડ
મા. કસ્તૂરબને કાનજી વેલજી ભેદા	૯૨	સમાઘોઘા	ઘાટકોપર
કાંતા રતિલાલ કરમશી છેડા	૭૦	કોડાય	સાયન
દામજી જેઠાલાલ વેલજી ગાલા	૭૩	મો.આસંબિયા	સાત રસ્તા
કાંતિલાલ હિરજી ખીમજી રાંભિયા	૭૭	નાના ભાડિયા	વિલેપાર્લે
અ.સૌ. પારુલ નયન રમણીક ગંગર	૪૭	મોટી ખાખર	મુલુંડ
અ.સૌ. જયવંતી હરખચંદ હીરજી શાહ/ગડા	૭૧	કોડાય	સાંતાક્રુઝ
અ.સૌ. કાંતાબેન રતનશી તેજપાર નિસર	૭૪	દેવપુર	ચેમ્બુર
ચંદ્રકાંત જાદવજી કાનજી કેનિયા	૮૮	બારોઈ	માટુંગા
કુ. ભારતીબેન દામજી લખમણ ગડા	૪૨	સામખિયારી	બોરીવલી
અમૃતલાલ શામજી ઉમરશી ગાલા	૬૫	બેરાજા	પ્રભાદેવી
નેણશી શિવજી પાસુ ગોસર	૬૭	કોકલિયા	ડોંબિવલી
નેમચંદ કુંવરજી ઠાકરશી છેડા	૭૫	બાડા	દહીંસર
શાંતિલાલ ગાંગજી રવજી દેઢિયા	૭૯	નાની ખાખર	માટુંગા
ધનજી પદમશી હધુ છેડા	૮૫	કુંદરોડી	ભાયખલા
ઉમરબાઈ કેશવજી લાલજી કારાણી	૮૭	નારાણપુર	નાલાસોપારા
મા. સાકરબાઈ વેલજી શિવજી રાંભિયા	૮૭	ગુંદાલા	ડોંબિવલી (૯૭)
ચંપકલાલ નરશી ઉમરશી વીરા (૯.ઉ.)	૬૬	દેશલપુર (કંઠી)	વરલી
ડૉ. કસ્તૂરબેન કલ્યાણજી હીરજી કેનિયા	૭૯	બારોઈ	વડાલા
લક્ષ્મીચંદ જેઠુ દેવશી કારાણી	૮૮	ડુમરા	દાદર
કંકુબાઈ મેઘજી રવજી ગાલા	૯૦	વાંકી	મઝગામ

નામ	ઉંમર	ગામ	હાલે
શૈલેશ (રામાણિયાના મંજુલા લાલજીના જમાઈ)	૬૦	-	દહીંસર
ઉમરબાઈ પ્રેમચંદ હીરજી ગડા	૮૩	કોડાય	વીજાપુર
મા. નલિનીબેન વલ્લભજી નરશી ગાલા	૭૦	દેવપુર	મુલુંડ
રતનબેન જેઠાલાલ દેવજી છેડા	૭૪	બિદડા	કાંદિવલી
જયવંતી ઉમરશી કેશવ મારૂ	૮૩	પુનડી	ડોંબિવલી
દામજી નાનજી પુંજા દેઢિયા	૬૯	નાંગલપુર	બોરીવલી
જયા ચુનીલાલ ટોકશી શાહ/મારૂ	૭૮	ડેપા	થાણા
ખીંયશી ભીમશી રતનશી હરિયા	૮૩	હાલાપુર	સાયન
નવલબેન કલ્યાણજી દેવજી ફૂરિયા	૮૯	ગોધરા	ગોરેગામ
કેસરબેન કુંવરજી ખીમરાજ છાડવા	૯૬	બાડા	વિરાર
હરિલાલ મેઘજી હંસરાજ સાવલા	૭૨	કોડાય	ચેમ્બુર
રવજી કાનજી ઠાકરશી પાસડ	૮૧	મોથાળા	અંબરનાથ
મહાબેન દામજી રામજી સાવલા	૮૬	વાંકી	મલાડ
પુરબાઈ કુંવરશી હીરજી દેઢિયા	૯૪	પુનડી	ચેમ્બુર
મા. મણિબેન હંસરાજ મુલજી શાહ	૯૪	ભુજપુર	વડાલા
રવિલાલ ખેરાજ મોરારજી ગોગરી	૭૮	તલવાણા	થાણા
નાનબાઈ મુરજી કરમશી દેઢિયા	૯૪	મો. આસંબિયા	ડોંબિવલી
શાંતાબેન સુંદરજી મુરજી સંગોઈ	૭૨	કપાયા	સાંતાક્રુઝ
જ્યોત્સના રમેશ મેઘજી ગડા	૬૩	નવાવાસ	પરલી (રાવગઢ)
મણિબેન શામજી મુરજી છાડવા	૭૬	બાડા	નાલાસોપારા
તિલકબેન પ્રેમજી શિવજી કારાણી	૮૦	ખારૂઆ	ફોર્ટ
જયાબેન ડૉ. ખુશાલચંદ ટોકરશી રાંભિયા	૮૩	ગોધરા	મુંબઈ-૧૩
અમિત વસંત લાલજી ધરોડ	૩૫	પત્રી	મલાડ
સુભાષ માવજી કેલણ વિકમાણી	૬૦	દેવપુર	સાંતાક્રુઝ
જ્યોતિબેન ભવાનજી જેઠાલાલ સાવલા	૬૯	તુંબડી	ડોંબિવલી
ચંચળબેન નેમજી વિશનજી રાંભિયા	૭૭	રામાણિયા	નેપેન્સી રોડ
મા. કુસુમબેન ચંદ્રકાંત નાનજી દેઢિયા	૮૩	ભુજપુર	હૈદ્રાબાદ

નામ	ઉંમર	ગામ	હાલે
રાજવંતી જયંત ડૉ. મોરારજી શાહ/ધરોડ	૮૪	કોડાય	કાંદિવલી
ધીરેન તલકશી નાનજી નંદુ	૪૯	મોટી ખાખર	થાણા
ચેતના મહેન્દ્ર વસનજી વિસરિયા	૬૩	બાડા	મહાલક્ષ્મી
અ.સૌ. જયાબેન કાંતિલાલ પ્રેમજી ગાલા	૭૨	મોખા	સાંતાક્રુઝ
સાકરબેન ભવાનજી નાગશી મારૂ	૮૩	કારાઘોઘા	ડોંબિવલી
ભાનુબેન શામજી ઉમરશી સતરા	૮૪	મોખા	સાંતાક્રુઝ
પ્રેમજી લધાભાઈ કોરશી મોતા	૮૮	પુનડી	કોપરખૈરણે
સરતચૂકથી ૨૦ જુલાઈના બીજા પાનાની મરણખબર રહી ગયેલ તે નીચે મુજબ			
અ.સૌ. રતનબેન કાંતિલાલ તેજસી સાવલા	૮૦	રામાણિયા	મુલુંડ
લક્ષ્મીચંદ દામજી જાવરજી હરિયા	૮૨	હાલાપુર	ડોંબિવલી
અમૃતલાલ ભાણજી ખેરાજ નિસર	૮૪	વડાલા	હૈદ્રાબાદ
માતુશ્રી કેસરબેન કલ્યાણજી નાનજી સાવલા	૮૬	મોટી ખાખર	સાંતાક્રુઝ

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું
બિનધંધાદારી મુખપત્ર

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૨

પગદંડી

અંક : ૦૭ ઑક્ટોબર - ૨૦૨૧

-: માનદ્ તંત્રીઓ :-

અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org. - email :ksevasamaj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

-: લવાજમ :-

વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફટથી ત્રિવાર્ષિક : ૫૦

ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.

પર્યુષણ પર્વ પ્રસંગે નવલું નજરાણું

TRISHLA
Since 1978

પ્રભાવના તથા તપસ્વીને ભેટ આપવા

૪૩ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા ત્રિશલા નિર્મીત

જૈન સ્તવનો નું મ્યુઝીક પ્લેયર

ત્રિશલા ભક્તિ ગુંજન

મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો

- શ્રી ભક્તામર સ્તોત્ર
- રત્નાકર પચ્ચીસી
- ભાવના ગીત સંગ્રહ, અમી ઝરણા - સુપ્રસિધ જૈન સ્તવનો
- પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
- શાંતિલાલ શાહ: જૈન સ્તવનો કથાગીતો - પૂજા સંગ્રહ
- આદિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ મહાવીર સ્વામિ ના સ્તવનો
- આનંદઘનજી ચોવીસી - પદો
- પુણ્યપ્રકાશનું સ્તવન
- પ્રતિક્રમણ
- નવસ્મરણ
- સજ્ઝાય માળા
- ધૂન - મંત્ર - આત્મધૂન
- પ્રાર્થના ગીત સંગ્રહ
- શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ
- શ્રી ઘંટાકર્ણ મહાવીર
- શ્રી માણીભદ્રવીર
- દિવાળી ચોપડા પૂજન
- સુપ્રસિધ્ધ પ્રાચીન ભજનો

સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

પ્રભાવના - ગિફ્ટિ માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

આજેજ ઓર્ડર કરો ... અને ઘર બેઠા મેળવો

TRISHLA ELECTRONICS
Tel : +91 98200 59899
HOME DELIVERY

સંપર્ક : શાંતિલાલ ગોસર ❖ ફોન : ૯૮૨૦૦ ૫૯૮૯૯

કુરીયર દ્વારા હોમ ડિલીવરી • Buy Online : www.trishlaelectronics.com

ત્રિશલાનુ ઓરીજીનલ પ્લેયર ખરીદો
ડુપ્લીકેટ પ્લેયરથી સાવધાન

Mktd By . : TRISHLA ELECTRONICS, Trishla Bldg., Zaveri Bazar, Mum- 02.

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

સંજીવની સ્વાસ્થ્ય યોજના

બુક બેંક

પગદંડી

સાંસ્કૃતિક કાર્યક્રમ

સમુહ લગ્ન

સ્ત્રી ઉત્કર્ષ લોન

શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ

રમતગમત

વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET

રહેઠાણ લોન

શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) OCTOBER 2021 RNI-14593/1957, Published on 1st of every month & Posted at Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022

DIVERSE RANGE | UNMATCHED QUALITY

Industry Leading Technology, Driving Sustainable Growth.

Trusted Products, Proven Expertise.

MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS

AUTOMOTIVE COMPONENTS

INFRASTRUCTURAL FURNITURE PARTS

WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rain Water Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
Mitsu Chem Plast Ltd.
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.